

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 271
Dt.: 12-06-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa




### જહાજો પર હુમલા બંધ કરોઃ ભારત

# ઓમાનમાં અમેરિકાના સતત ૩ હુમલા બાદ ભારતે નોંધાવ્યો વિરોધ

## ઈરાન પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધીના કારણે સર્જાયેલી આ તંગદિલીએ હવે ભારત અને અમેરિકાના રાજદ્વારી સંબંધોમાં પણ તણાવ લાવી દીધો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો તણાવ હવે દરિયાઈ માર્ગો પર નિર્દોષ લોકોનો ભોગ લઈ રહ્યો છે. ઓમાનના દરિયાકાંઠે અમેરિકી નૌસેના દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ હુમલામાં ત્રણ ભારતીય નાવિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ઈરાન પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધીના કારણે સર્જાયેલી આ તંગદિલીએ હવે ભારત અને અમેરિકાના રાજદ્વારી સંબંધોમાં પણ તણાવ લાવી દીધો છે. ભારતે આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે અને હુમલા તાત્કાલિક રોકવાની માંગ કરી છે.

ગઈકાલે ભારતીય વિદેશ મંત્રાલયે દિલ્હીમાં તૈનાત અમેરિકાના ચાર્જ ડી અફેર્સને સમન્સ પાઠવીને ભારતનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આજે ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયા બ્રીફિંગ દરમિયાન ભારતનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે, અમે ઓમાનના દરિયાકાંઠે જહાજ પર થયેલા હુમલાની નિંદા કરીએ છીએ, જેમાં કમનસીબે આપણે ત્રણ ભારતીય નાગરિકો ગુમાવ્યા છે. અમે અમેરિકી ચાર્જ ડી અફેર્સને બોલાવીને વિરોધ નોંધાવ્યો છે. આ વિસ્તારમાં શિપિંગ પર થઈ રહેલા સતત હુમલાઓ ઊંડી ચિંતાનો વિષય છે અને તે આ પ્રદેશમાં ચાલી રહેલા સંઘર્ષનું સીધું પરિણામ છે. આ હુમલાઓ બંધ થવા જ જોઈએ. અમે સંવાદ અને ડિપ્લોમેસીની અપીલ કરીએ છીએ જેથી પ્રદેશમાં વહેલી તકે શાંતિ અને સ્થિરતા પાછી આવી શકે.

અમેરિકન સૈન્યની સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ હુમલા ઈરાન સામે ૧૩ એપ્રિલથી લાગુ કરાયેલી નૌકાદળ નાકાબંધીના ઉલ્લંઘનને કારણે કરવામાં આવ્યા હતા.આજે ગિની-બિસાઉ નામના દેશનો ધ્વજ ધરાવતા જહાજ MT Jalveer પર હુમલો કરવામાં આવ્યો હતો. જહાજ પર ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા. અમેરિકાનો આરોપ છે કે આ જહાજ ઓમાનના અખાતમાંથી ઈરાની તેલ વહન કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. જ્યારે જહાજના ક્રૂ મેમ્બર્સે અમેરિકન સેનાની સૂચનાઓનું વારંવાર ઉલ્લંઘન કર્યું, ત્યારે અમેરિકન ફાઈટર એરક્રાફ્ટે જહાજના એન્જિન રૂમ પર બે શક્તિશાળી મિસાઈલોથી હુમલો કર્યો. વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે જે ત્રણ જહાજો પર અમેરિકાએ હુમલા કર્યા છે, તેમાંથી કોઈ પણ ભારતની માલિકીનું નથી. તે તમામ વિદેશી ધ્વજ ધરાવતા જહાજો હતા, પરંતુ તેમાં કામ કરતો ક્રૂ સ્ટાફ ભારતીય હતો. અત્રે જણાવવાનું કે તે પહેલા MT સેટેબેલો નામના જહાજ પર હુમલો થયો હતો જેના પર ૨૪ ભારતીય ક્રૂ સભ્યો સવાર હતા જેમાંથી ૨૧ને બચાવી લેવાયા પરંતુ ૩ લોકોના જીવ ગયા.

### ઘૂસણખોરોને ખદેડતા પથ્થરમારો

# ભારત-બાંગ્લાદેશ સરહદે હોબાળો, બંને દેશોની સેનાની વચ્ચે તણાવ

## BSF દ્વારા કથિત રીતે એક બાંગ્લાદેશી નાગરિકને પરત મોકલવાની કાર્યવાહી બાદ સરહદ પર ભીડ એકઠી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પૂર્વોત્તર રાજ્ય મેઘાલય અને બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય સરહદ પર મોટો હોબાળો થયો હતો. સીમા સુરક્ષા દળ (BSF) દ્વારા કથિત રીતે એક બાંગ્લાદેશી નાગરિકને પરત મોકલવાની કાર્યવાહી બાદ બંને દેશોની સરહદ પર ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી અને ત્યારબાદ પથ્થરમારાની ઘટનાઓ સામે આવી હતી. આ ઘટના મેઘાલયના દક્ષિણ પશ્ચિમ ગારો હિલ્સ જિલ્લાના મહેન્દ્રગંજ વિસ્તારમાં આવેલા નંદિર ચાર સરહદી વિસ્તારની હોવાની માહિતી મળી રહી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે સંબંધિત વ્યક્તિએ કથિત રીતે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કર્યો હતો. સુરક્ષા એજન્સીઓ દ્વારા તેને કસ્ટડીમાં લીધા બાદ BSFએ તેને બાંગ્લાદેશ તરફ પરત મોકલવાની પ્રક્રિયા શરૂ કરી. જોકે, આ મામલો ત્યારે વધુ ગૂંચવાયો જ્યારે બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડ્સ (BGB) અને સરહદ પાર હાજર સ્થાનિક લોકોએ કથિત રીતે તે વ્યક્તિનો સ્વીકાર કરવાનો ઈનકાર કરી દીધો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે BGBના ઈનકાર બાદ તે વ્યક્તિ બંને દેશોની સરહદ વચ્ચે ફેન્સિંગ પાસે જ ફસાઈ ગયો. આના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ભ્રમ અને તણાવની સ્થિતિ સર્જાઈ ગઈ. સ્થાનિક લોકોનો દાવો છે કે સંબંધિત વ્યક્તિએ ખુદને બાંગ્લાદેશી નાગરિક હોવાનું જણાવ્યું હતું, તેમ છતાં બાંગ્લાદેશ તરફથી તેને પોતાના કબજામાં લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો.

આ ઘટનાના સમાચાર વાયુવેગે ફેલાતા જ સરહદની બંને બાજુએ મોટી સંખ્યામાં લોકો એકઠા થવા લાગ્યા હતા. જોતજોતામાં સેંકડો લોકો સરહદની નજીક પહોંચી ગયા અને માહોલ તણાવપૂર્ણ બની ગયો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા પ્રમાણે સરહદ પર એકઠી થયેલી ભીડ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ બંને તરફથી પથ્થરમારો શરૂ થઈ ગયો હતો. આંતરરાષ્ટ્રીય સરહદ પર લગાવવામાં આવેલી તારની વાડની આરપાર પથ્થરો ફેંકવામાં આવ્યા હતા, જેના કારણે સ્થિતિ વધુ સંવેદનશીલ બની ગઈ હતી. જોકે, આ ઘટનામાં કોઈ ગંભીર રીતે ઘાયલ થયું હોવાના તાત્કાલિક અહેવાલ નથી, પરંતુ આ ઘટનાએ સુરક્ષા એજન્સીઓની ચિંતા વધારી દીધી છે. સરહદ પર વધતા તણાવને જોતા વધારાના સુરક્ષા દળો તહેનાત કરી દેવામાં આવ્યા છે. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાને રોકી શકાય તે માટે BSF અને BGB બંને સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર અનેક વીડિયો વાયુ વેગે વાઈરલ થઈ રહ્યા છે. આ વીડિયોમાં સરહદની બંને બાજુએ મોટી સંખ્યામાં લોકોની હાજરી અને તણાવપૂર્ણ માહોલ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓએ હજુ સુધી આ વાયરલ વીડિયોની સત્તાવાર પુષ્ટિ નથી કરી. અધિકારીઓનું કહેવું છે કે, વાઈરલ થઈ રહેલા વીડિયોની સત્યતાની તપાસ કરવામાં આવી રહી છે, સાથે જ તેમણે સ્થાનિક લોકોને કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવા માટે અપીલ કરી છે.

# મમતા બેનરજીને મોટો ઝટકોઃ સ્પીકરના નિર્ણય પર સ્ટે આપવાનો હાઈકોર્ટનો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાંથી સત્તા ગુમાવ્યા બાદ તૃમણૂલ કોંગ્રેસ (TMC)ના વડા મમતા બેનરજી એક પણ એક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે હવે વિપક્ષના નેતાના પદના ચાલી રહેલા વિવાદ મુદ્દે હાઈકોર્ટે મમતા બેનરજીને મોટો ઝટકો આપ્યો છે. વિધાનસભામાં વિપક્ષના નેતાના પદને ચાલી રહેલા વિવાદ મામલે કોલકાતા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસ (TMC)ને તાત્કાલિક રાહત આપવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે હાલ માટે વિપક્ષના નેતાની નિમણૂક પર કોઈ રોક લગાવી નથી. તેથી ઋતબ્રત બેનર્જી હાલ વિપક્ષના નેતા તરીકે યથાવત રહેશે. વિધાનસભામાં સત્તાધારી પક્ષની સાથે વિપક્ષનો પણ એક મુખ્ય નેતા હોય છે, જેને વિપક્ષના નેતા (Leader Of Opposition - LoP) કહેવામાં આવે છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાના સ્પીકર રથીન્દ્રનાથ બોઝે તાજેતરમાં ઋતબ્રત બેનર્જીને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપી હતી. ઋતબ્રત બેનર્જી અગાઉ TMC સાથે જોડાયેલા હતા, પરંતુ ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ તેમણે પોતાની જ પાર્ટી સામે બળવો કર્યો હતો. ત્યારબાદ સ્પીકરે તેમને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપી હતી. TMCનું કહેવું છે કે, વિપક્ષના નેતાની પસંદગી માત્ર સ્પીકરની ઈચ્છા મુજબ થઈ શકતી નથી. વિધાનસભામાં કઈ પાર્ટી મુખ્ય વિપક્ષ છે અને તેની પાસે કેટલા ધારાસભ્યો છે તે પણ ધ્યાનમાં લેવું જરૂરી છે. પાર્ટીનો આરોપ છે કે એક બળવાખોર નેતાને આ મહત્વનું પદ આપીને વિધાનસભાની પરંપરાઓ અને રાજકીય સંતુલનને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

ગુરુવારે થયેલી સુનાવણી દરમિયાન_સ્ઝએ સ્પીકરના નિર્ણય પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરી હતી. જોકે હાઈકોર્ટે આ માંગ સ્વીકારી નથી અને કોઈ સ્ટે ઓર્ડર આપ્યો નથી. તેના કારણે ઋતબ્રત બેનર્જી હાલ વિપક્ષના નેતા તરીકે કાર્ય કરતા રહેશે. જોકે મામલો હજુ કોર્ટમાં ચાલુ છે. હવે આ કેસની આગામી સુનાવણી ૧૬ જૂને થશે, જ્યાં બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટ આગળનો નિર્ણય લઈ શકે છે.







### ચીને હિન્દુઓની આસ્થા પર કર્યો ઘા

# કૈલાશ માનસરોવર યાત્રામાં ભારતીયોને નો એન્ટ્રીનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

ચીન સરકારે જૂન-જુલાઈમાં ભારતીય નાગરિકોને કૈલાશ માનસરોવર યાત્રાની પરમીટ પર પાબંધી લગાવી લીધી છે. ડ્રેગનની અવળચંડાઈને લીધે શ્રદ્ધાળુઓ તિબેટ-ચાઈના બોર્ડર પર અટવાયાં છે. હવે માત્ર બિન નિવાસી ભારતીય(એનઆરઆઈ)ને જ કૈલાશ માન સરોવરની યાત્રા માટે મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. ટૂંકમાં, ડ્રેગને ભારતીય યાત્રાળુઓની આસ્થા પર ઘા કર્યો છે.

થોડાક દિવસો અગાઉ જ ચીન સરકારે ભારતીય શ્રદ્ધાળુઓ માટે કોમન કિચનનો નિયમ લાગુ કર્યો હતો. ધાર્મિક માન્યતા સાથે પ્રાદેશિક સ્વાદ જાળવવો મુશ્કેલ બન્યો હતો તેમ છતાં યાત્રાળુઓએ ચીન સરકારની મનમાની ચલાવી લીધી હતી. આ ઉપરાંત ચાઈના પ્રશાસન દ્વારા વિઝા આપવામાં જાણી જોઈને વિલંબ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે હાલમાં ૩,૦૦૦થી વધુ ભારતીયોની પરમિટ પેન્ડિંગ પડી છે.

ચીન સરકારના કૈલાશ માન સરોવર યાત્રાને લઈને તઘલઘી નિર્ણયને લીધે શ્રદ્ધાળુઓની પરેશાની વધી છે. આ ઉપરાંત તિબેટ બોર્ડર પર જમાવડો સરહદ પર યાત્રાળુઓનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. વિઝા અને પરમિટ ન મળવાના કારણે હજારો કિલોમીટર દૂરથી આવેલા ઘણાં યાત્રાળુઓને પવિત્ર યાત્રા કર્યા વિના જ ભારે હૈયે પરત ઘરવાપસી કરી રહ્યાં છે.

## તંત્રી લેખ......

### મૂડી બજારમાં વિશ્વાસનું સંકટ

ભારતનું મૂડી બજાર ઝડપથી વિસ્તરી રહ્યું છે. ડીમેટ ખાતાઓની સંખ્યા સતત વધી રહી છે, નાના શહેરો અને નગરોમાંથી નવા રોકાણકારો શેરબજારમાં પ્રવેશી રહ્યા છે, અને એસઆઈપી અને મ્યુચ્યુઅલ ફંડ્સે સામાન્ય ઘરોને ઈક્વિટી રોકાણ માટે પ્રેરિત કર્યા છે. આ તબક્કે, રાજેશ એક્સપોર્ટ્સ સાથે જોડાયેલો તાજેતરનો કેસ ફક્ત એક જ કંપની સાથે સંકળાયેલો વિવાદ નથી, પરંતુ કોર્પોરેટ ગવર્નન્સ, ઓડિટ ગુણવત્તા, નિયમનકારી તકેદારી અને ભારતમાં નાના રોકાણકારોના વિશ્વાસની ગંભીર કસોટી છે. સેબીના વચગાળાના આદેશમાં રાજેશ એક્સપોર્ટ્સ પર મોટા પાયે આવક ખોટી રજૂઆતનો આરોપ મૂકવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૫ વચ્ચે, આવક ખોટી રજૂઆત આશરે ૧૫.૧૫ લાખ કરોડ જેટલી છે. આ આંકડો એટલો મહત્વપૂર્ણ છે કે તેને એક સરળ એકાઉન્ટિંગ ભૂલ માટે જવાબદાર ગણી શકાય નહીં. જો કે, કંપનીએ આ આરોપોને નકારી કાઢ્યા હતા, અને કહ્યું હતું કે આ મામલો તેની સ્વિસ પેટાકંપનીની આવકની સમજ અને રજૂઆત અંગે મૂંઝવણને કારણે થયો છે. તેથી, તપાસ પૂર્ણ થયા પછી જ અંતિમ નિષ્કર્ષ કાઢવો જોઈએ. તેમ છતાં, લિસ્ટેડ કંપનીના આવકના આંકડા અને નિયમનકારની સમજ વચ્ચે આટલી નોંધપાત્ર વિસંગતતા સમગ્ર બજાર માળખા માટે ચેતવણી છે.

રાજેશ એક્સપોર્ટ્સ સોનાના શુદ્ધિકરણ, ઘરેણાં ઉત્પાદન અને નિકાસમાં રોકાયેલી એક મોટી કંપની છે. જ્યારે ભારતીય લિસ્ટેડ કંપનીની આવકનો નોંધપાત્ર ભાગ વિદેશી પેટાકંપનીઓ અને ક્રોસ-બોર્ડર એકાઉન્ટિંગ પર આધારિત હોય છે, ત્યારે તેની જાહેરાત જવાબદારીઓ સામાન્ય કંપનીઓ કરતા વધારે હોય છે. રોકાણકારોને જાણવાનો અધિકાર છે કે કઈ સંસ્થાઓએ આવક ઉત્પન્ન કરી, કયા ગ્રાહકો, તેને રોકડમાં કેવી રીતે રૂપાંતરિત કરવામાં આવી, ચૂકવવાપાત્ર રકમ કેટલી વાસ્તવિક છે, અને પેટાકંપનીઓના ખાતાઓની સ્વતંત્ર ચકાસણી કયા સ્તરની છે. જો મ્યુચ્યુઅલ ફંડ, વીમા કંપનીઓ, બેંકો અથવા અન્ય જાહેર નાણાકીય સંસ્થાઓનો કોઈ કંપનીમાં હિસ્સો હોય, તો માત્ર કંપની મેનેજમેન્ટ વિશે જ નહીં પરંતુ આ સંસ્થાઓની ચકાસણી વિશે પણ પ્રશ્નો ઉભા થાય છે. ભારતમાં નાના રોકાણકારો ઘણીવાર એવું માની લે છે કે જો મોટી સંસ્થાઓનો હિસ્સો હોય તો કંપની સલામત છે, પરંતુ સંસ્થાકીય રોકાણ હંમેશા સુશાસનની ખાતરી આપતું નથી. સત્યમ કૌભાંડે દર્શાવ્યું કે રોકડ અને બેંક બેલેન્સ જેવા આંકડા પણ કાલ્પનિક હોઈ શકે છે. **IL&FS** કટોકટીએ વધુ પડતા દેવા, જટિલ પેટાકંપનીઓ અને ક્રેડિટ રેટિંગ નિષ્ફળતાઓના જોખમોને ઉજાગર કર્યા. યસ બેંક કટોકટીએ ખાનગી બેંકિંગ શાસન અને જોખમ વ્યવસ્થાપનમાં નબળાઈઓનો પર્દાફાશ કર્યો.પીએનબી-નીરવ મોદી કેસ દ્વારા બેંકિંગ સિસ્ટમ અને લેટર ઓફ અંડરટેકિંગના દુરુપયોગનો પર્દાફાશ થયો. રાજેશ એક્સપોર્ટ્સ જેવા કિસ્સાઓ સૂચવે છે કે લિસ્ટેડ કંપનીઓને પણ ક્રોસ બોર્ડર વ્યવહારો અને પેટાકંપનીઓ માટે એકાઉન્ટિંગ પર દેખરેખ વધારવાની જરૂર છે. ભારતે કૌભાંડ પછીના સુધારાઓની સંસ્કૃતિથી આગળ વધવું જોઈએ અને પ્રારંભિક જોખમ ઓળખ અને નિવારણ માટે એક સિસ્ટમ સ્થાપિત કરવી જોઈએ. રાજેશ એક્સપોર્ટ્સ કેસ ઓડિટ સિસ્ટમ વિશે પણ ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. જો કોઈ કંપની સતત ઉચ્ચ આવક નોંધાવતી હોય, તો ઓડિટર ગ્રાહક ચકાસણી, બેંક ટ્રેલ્સ, સબસિડિયરી ઓડિટ રિપોર્ટ્સ, સ્ટોક રેકોર્ડ્સ, ચૂકવવાપાત્ર રકમ અને આંતર-કંપની વ્યવહારોની કેટલી સંપૂર્ણ તપાસ કરે છે? બોર્ડ જવાબદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. નિયમનકારી દ્રષ્ટિકોણથી સેબીની કાર્યવાહી મહત્વપૂર્ણ છે, પરંતુ જો કથિત ખોટી રજૂઆત ઘણા વર્ષોથી ચાલી રહી હતી, તો પ્રારંભિક ચેતવણી ચિહ્નો અગાઉ કેમ શોધી ન શકાયા? સ્ટોક એક્સચેન્જ, ઓડિટર્સ, વિશ્લેષકો, રેટિંગ એજન્સીઓ, ધિરાણકર્તાઓ અને સંસ્થાકીય રોકાણકારો શું શોધી રહ્યા હતા? **AI** અને ડેટા એનાલિટિક્સ દ્વારા, અસામાન્ય ગુણોત્તર, ચૂકવવાપાત્ર રકમમાં અચાનક વધારો, રોકડ પ્રવાહમાં વિસંગતતાઓ અને આવકમાં વિસંગતતાઓ વિરુદ્ધ અસામાન્ય બજાર મૂડીકરણ આપમેળે ચિહ્નિત થઈ શકે છે. આ ઘટના નાના રોકાણકારો માટે એક મહત્વપૂર્ણ પાઠ તરીકે પણ કામ કરે છે. રોકાણ કરતી વખતે, ફક્ત શેરના ભાવ, આવક અને બ્રાન્ડ પર ધ્યાન કેન્દ્રિત કરશો નહીં. ઉચ્ચ ટર્નઓવર હંમેશા મજબૂત કંપનીની નિશાની નથી. જો આવક વધારે હોય, પરંતુ નફો ઓછો હોય, રોકડ પ્રવાહ નબળો હોય અને ચૂકવવાપાત્ર રકમ વધી રહી હોય, તો સાવધાની રાખવી જરૂરી છે. સસ્તો અથવા આકર્ષક સ્ટોક હંમેશા મૂલ્યવાન હોતો નથી; તે ઘણીવાર શાસન જોખમોનો સંકેત આપે છે.

---

અંતરિક્ષ ક્ષેત્રના સુધારા બાદ ભારતની ખાનગી સ્પેસ ઈકોસિસ્ટમ ૪૦૦ થી વધુ સ્ટાર્ટ-અપ્સ સાથે વિસ્તરી: ડૉ. જિતેન્દ્ર સિંહ

# કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ઉદ્યોગોને ભારતના અંતરિક્ષ ક્ષેત્રમાં રોકાણ વધારવા આહવાન કર્યું



**PIB Ahmedabad**

કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) વિજ્ઞાન અને ટેક્નોલોજી અને પૃથ્વી વિજ્ઞાન; પ્રધાનમંત્રી કાર્યાલય, પરમાણુ ઊર્જા વિભાગ, અંતરિક્ષ વિભાગ, પર્સનલ, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે ઉદ્યોગ જગતના અગ્રણીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સ્વદેશી ટેક્નોલોજીના વિકાસને વેગ આપવા અને બાહ્ય સ્રોતો પરની નિર્ભરતા ઘટાડવા માટે ભારતના અંતરિક્ષ (સ્પેસ) ક્ષેત્રમાં રોકાણ અને ભાગીદારી નોંધપાત્ર રીતે વધારવા આહવાન કર્યું છે.

૧૦માં **IN-SPACe** ઈન્ડસ્ટ્રી કનેક્ટને સંબોધિત કરતા, ડૉ. જિતેન્દ્ર સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમે અદભૂત ઈનોવેશન અને તકનીકી ક્ષમતા દર્શાવી છે, પરંતુ વૈશ્વિક સ્પેસ ઈકોનોમીમાં નેતૃત્વ મેળવવા માટે સ્થાપિત ઉદ્યોગો દ્વારા વધુ ભંડોળ, ઉત્પાદન શક્તિ અને બજાર સુધીની પહોંચ સાથે વધુ મજબૂત ભાગીદારી જરૂરી બનશે.

ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ખાનગી ભાગીદારી માટે અંતરિક્ષ ક્ષેત્રને ખુલ્લું મૂકવું એ વ્યૂહાત્મક ક્ષેત્રો પ્રત્યે ભારતના અભિગમમાં એક ઐતિહાસિક પરિવર્તન છે. તેમણે આ સુધારાઓને એક સાહસિક નિર્ણય ગણાવ્યો જેણે ભારતની સુષુપ્ત ઉદ્યોગસાહસિક ક્ષમતાને અનલોક કરી અને ટૂંકા ગાળામાં દેશની સ્પેસ ઈકોસિસ્ટમનો કાયાકલ્પ કર્યો.

આ ક્ષેત્રને ટેકો આપવા માટે લેવામાં આવેલી નીતિગત પહેલો પર પ્રકાશ પાડતા ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે અંતરિક્ષ ક્ષેત્રના સુધારા બાદ ઈન્ડિયન સ્પેસ પોલિસી ૨૦૨૩ લાવવામાં આવી, જેણે હિતધારકોને વ્યૂહાત્મક દિશા અને નિયમનકારી સ્પષ્ટતા પૂરી પાડી. તેમણે વધુમાં નોંધ્યું કે પ્રત્યક્ષ વિદેશી રોકાણ **(FDI)** વ્યવસ્થાના ઉદારીકરણે રોકાણો આકર્ષવામાં અને વૈશ્વિક વેલ્યુ ચેન સાથે ભારતના સંકલનને સુધારવામાં મદદ કરી છે. મંત્રીએ ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર **(IN-SPACe)** ની સ્થાપનાને એક મોટા સંસ્થાકીય સુધારા તરીકે વર્ણવી, જેણે સમગ્ર સ્પેસ વેલ્યુ ચેનમાં બિન-સરકારી ભાગીદારીને સક્ષમ, પ્રોત્સાહિત, અધિકૃત અને સુપરવાઈઝ કરી છે.

ડૉ. જિતેન્દ્ર સિંહે નાણાકીય અને સંસ્થાકીય સહાય પ્રણાલીઓ દ્વારા ઈનોવેશન ઈકોસિસ્ટમને મજબૂત કરવાના સરકારના પ્રયાસો પર ભાર મૂક્યો હતો. તેમણે માહિતી આપી હતી કે આ ક્ષેત્રમાં ઈનોવેશન અને વ્યાપારીકરણને સરળ બનાવવા માટે **Rs** ૧,૦૦૦ કરોડનું વેન્ચર કેપિટલ ફંડ અને **Rs** ૫૦૦ કરોડનું ટેક્નોલોજી એડોપ્શન ફંડ શરૂ કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે સીડ ફંડિંગ, ઈન્ક્યુબેશન સપોર્ટ, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો અને **AICTE**-મંજૂર સ્પેસ ટેક્નોલોજી અભ્યાસક્રમ સંબંધિત પહેલો દેશના વિસ્તરતા અંતરિક્ષ અર્થતંત્ર માટે ભવિષ્ય માટે સજ્જ પ્રતિભાઓ તૈયાર કરવામાં યોગદાન આપી રહી છે.

ભારતની ખાનગી સ્પેસ ઈકોસિસ્ટમના ઝડપી વિકાસનો ઉલ્લેખ કરતા મંત્રીએ નોંધ્યું કે જે શરૂઆત માત્ર જૂજ અગ્રણી સાહસો સાથે થઈ હતી તે આજે ૪૦૦ થી વધુ સ્ટાર્ટ-અપ્સ અને સેંકડો મોટી તેમજ નાની કંપનીઓ ધરાવતી ઈકોસિસ્ટમમાં પરિવર્તિત થઈ ગઈ છે. તેમણે જણાવ્યું કે ભારતીય સાહસો આજે લોન્ચ વ્હીકલ, સેટેલાઈટ્સ, પ્રોપલ્શન સિસ્ટમ્સ, અર્થ ઓબ્ઝર્વેશન એપ્લિકેશન્સ, સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ ક્ષમતાઓ અને વિવિધ ડાઉનસ્ટ્રીમ સોલ્યુશન્સ વિકસાવી રહ્યા છે. તેમણે સ્કાઈરૂટ એરોસ્પેસ **(SkyroO Aero-space)**, અગ્નિકુલ કોસ્મોસ **(Agnikul Cosmos)**, પિક્સલ **(Pixxel)**, ગેલેક્સી **(Galaxeye)**, દિગંતરા **(Digantara)** અને ધ્રુવ સ્પેસ **(Dhruva Space)** જેવી કંપનીઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે તેઓ ભારતની ઉદ્યોગસાહસિક ક્ષમતાઓ અને તકનીકી ઈનોવેશનના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે.

વૈજ્ઞાનિક સંશોધનોમાં પરોપકાર (ફિલાન્થ્રોપી) ની મજબૂત સંસ્કૃતિ ઊભી કરવા હાકલ કરતા ડૉ. જિતેન્દ્ર સિંહે નોંધ્યું કે પરોપકારી યોગદાન પરંપરાગત રીતે ચેરિટેબલ કાર્યો તરફ નિર્દેશિત થતું આવ્યું છે, પરંતુ સંશોધન અને ઈનોવેશનમાં રોકાણને પણ સમાજ માટે એક મહત્વપૂર્ણ સેવા તરીકે માન્યતા મળવી જોઈએ.

મંત્રીએ ઉદ્યોગના હિતધારકોને આ વિકસતી સ્પેસ ઈકોસિસ્ટમમાં કામ કરતી વખતે આવતા પડકારો અને મર્યાદાઓ વિશે ખુલીને રજૂઆત કરવા પણ અપીલ કરી હતી. તેમને સરકારના સંપૂર્ણ સહયોગની ખાતરી આપતા તેમણે નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગો વચ્ચે ખુલ્લા અને રચનાત્મક સંવાદ જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ડૉ. જિતેન્દ્ર સિંહે ઝડપી મંજૂરીઓ, સુવ્યવસ્થિત પ્રક્રિયાઓ અને અસરકારક સિંગલ-વિન્ડો મિકેનિઝમની જરૂરિયાત અંગેના ઉદ્યોગોના મુદ્દાઓનો સ્વીકાર કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે શાસનનો ઉદ્દેશ્ય અણધાર્યા અવરોધો ઉભા કરવાના બદલે ઈનોવેશનને પ્રોત્સાહિત કરવાનો હોવો જોઈએ.

ડૉ. જિતેન્દ્ર સિંહે આત્મનિર્ભર અંતરિક્ષના વિઝનને સાકાર કરવા માટે સરકાર, ઉદ્યોગ જગત, શૈક્ષણિક જગત, રોકાણકારો અને રાજ્ય સરકારો વચ્ચે વધુ મોટા સહયોગની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે અવલોકન કર્યું કે સ્ટાર્ટ-અપ્સની તત્પરતાને સ્થાપિત ઉદ્યોગોના વ્યાપ, નાણાકીય શક્તિ અને અમલીકરણ ક્ષમતાઓનો ટેકો મળવો જ જોઈએ.

તેમણે હાઈલાઈટ કર્યું કે ભારત પાસે પુષ્કળ પ્રતિભા અને ઉદ્યોગસાહસિક ઉર્જા છે, અને જે બાબતની લાંબા સમયથી ઉણપ હતી તે માત્ર એક અનુકૂળ નીતિગત વાતાવરણ હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ કરાયેલા સુધારાઓએ તે ઈકોસિસ્ટમનું નિર્માણ કર્યું છે અને ઈનોવેશન તેમજ સાહસ માટે નવા માર્ગો ખોલ્યા છે.

પોતાના સંબોધનના સમાપનમાં, ડૉ. જિતેન્દ્ર સિંહે પુનરોચ્ચાર કર્યો કે અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતની આકાંક્ષાઓ માત્ર સરકારી પ્રયાસોથી પૂર્ણ થઈ શકે નહીં. તેમણે તમામ હિતધારકોને વૈશ્વિક સ્પેસ ઈકોનોમીમાં ભારતને એક અગ્રણી શક્તિ તરીકે સ્થાપિત કરવા માટે મહત્વાકાંક્ષા, આત્મવિશ્વાસ અને પ્રતિબદ્ધતા સાથે મળીને કામ કરવા આહવાન કર્યું હતું.

---

બિલ ગેટ્સના સનસનીખેજ દાવાથી દુનિયા ચોંકી

# 'અફેર અંગે એપસ્ટિન બ્લેકમેઈલ કરી રહ્યો હતો'

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સે અમેરિકન સંસદની એક સમિતિ સમક્ષ અત્યંત ચોંકાવનારો ખુલાસો કર્યો છે. બિલ ગેટ્સે જણાવ્યું છે કે જાતીય ગુનેગાર જેફરી એપસ્ટિને તેમના જૂના એક્સ્ટ્રા મેરિટલ અફેર (લગ્નેતર સંબંધો)ને લઈને તેમને બ્લેકમેઈલ કર્યા હતા. એપસ્ટિન ઈચ્છતો હતો કે તેમની વચ્ચેના સંબંધો પૂરા થઈ ગયા પછી પણ બિલ ગેટ્સ ફરીથી તેની સાથે સંપર્ક શરૂ કરે. બિલ ગેટ્સ અમેરિકન સંસદની 'હાઉસ ઓવરસાઈટ એન્ડ ગવર્નમેન્ટ રિફોર્મ કમિટી' સમક્ષ હાજર થયા હતા, જે સમિતિ એપસ્ટિન મામલામાં વહીવટીતંત્રે કરેલી કામગીરી અને તેની સાથે જોડાયેલા વગદાર લોકોના નેટવર્કની તપાસ કરી રહી છે. ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યા અનુસાર, બિલ ગેટ્સે સ્વીકાર્યું છે કે જ્યારે તેઓ પરોપકારના કાર્યોના મામલે એપસ્ટિનને મળ્યા હતા, ત્યારે તેઓ તેના ગુનાઓની ગંભીરતાને પૂરી રીતે સમજી શક્યા નહોતા.બિલ ગેટ્સે સમિતિ સમક્ષ જણાવ્યું હતું કે, 'આ અફેર્સને અને એપસ્ટિન સાથેની મારી વાતચીતને કોઈ લેવાદેવા નહોતી, પરંતુ આ આખો મામલો મારા પરિવાર માટે ખૂબ જ દુઃખદ હતો. એપસ્ટિને મારી આ ભૂલનો ફાયદો ઉઠાવ્યો અને તેના પર અનેક જૂઠી વાતો ઉમેરીને મારી પર ફરીથી તેની સાથે જોડાવા માટે દબાણ કર્યું હતું.' જોકે, બિલ ગેટ્સે એપસ્ટિન સાથે કોઈ પણ પ્રકારના અંગત કે દોસ્તીના સંબંધો હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે એપસ્ટિન સાથે તેમની મુલાકાતો માત્ર ચેરિટી, ગ્લોબલ હેલ્થ અને ફંડ એકઠું કરવા જેવા સામાજિક કામો પૂરતી જ સીમિત હતી.સાંસદોને આપેલા જવાબમાં બિલ ગેટ્સે જણાવ્યું હતું કે, હું ક્યારેય તેના ટાપુ, તેના ફાર્મહાઉસ કે ફ્લોરિડાવાળા ઘરે ગયો નથી. મેં ક્યારેય કોઈનું શોષણ કર્યું નથી. બની શકે કે તેણે અંગત સંબંધો વધારવાનો પ્રયાસ કર્યો હોય, પરંતુ મારો આવો કોઈ રસ નહોતો અને મેં ક્યારેય તેની સામે હાથ લંબાવ્યો નથી. હું એપસ્ટિન સાથે વર્ષ ૨૦૧૧માં જોડાયો હતો, જે એવો સમય હતો જ્યારે એપસ્ટિન ફ્લોરિડામાં વેશ્યાવૃત્તિના આરોપમાં જેલની સજા કાપી ચૂક્યો હતો.બિલ ગેટ્સે જણાવ્યું કે, 'વર્ષ ૨૦૧૪માં જ્યારે મને સમજાયું કે એપસ્ટિન દ્વારા ચેરિટી માટે ફંડ એકઠું કરવાના પ્રયાસો નકામા જઈ રહ્યા છે, ત્યારે તેમણે તેની સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા. ગેટ્સના જણાવ્યા મુજબ, તે વળાંક પર મને સમજાયું કે એપસ્ટિન પોતાના વાયદા ક્યારેય પૂરા નહીં કરે, તેથી મેં તેને કહી દીધું હતું કે હવે આપણે આગળ કોઈ વાત નહીં કરીએ અને તેની સાથે મળવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું હતું.' ગેટ્સે એ બાબત પણ નોંધી હતી કે તેમણે ક્યારેય એપસ્ટિનને કોઈ ગુનાહિત કૃત્ય કરતો જોયો નહોતો.સંસદની આ દ્વિપક્ષીય સમિતિએ બિલ ગેટ્સ પર તીખા સવાલોનો મારો ચલાવ્યો હતો. બંને પક્ષના સાંસદોએ પૂછ્યું કે જ્યારે એપસ્ટિનના જૂના ગુનાઓ અને સજાની વાત જગજાહેર હતી, તો ગેટ્સ તેને કેમ મળતા રહ્યા? કમિટીના ટોચના ડેમોક્રેટિક સાંસદ રોબર્ટ ગાર્સિયાએ સુનાવણી બાદ જણાવ્યું કે બિલ ગેટ્સે સ્વીકાર્યું છે કે તેમને એપસ્ટિનના જૂના ગુનાઓની માહિતી હતી. બીજી તરફ, રિપબ્લિકન સાંસદ ટિમ બર્ચેટે એપસ્ટિનને 'જેન્ડ કલેક્ટર' ગણાવતા કહ્યું કે એપસ્ટિન મોટા અને વગદાર લોકોને એકઠા કરવાનો શોખીન હતો જેથી તે પોતાનો પ્રભાવ વધારી શકે અને આ રીતે જ તેણે લોકોને પોતાની જાળમાં ફસાવ્યા હતા.

---

## તલાલાની પ્લાઝમા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલના ત્રીજા માળેથી પટકાયો વિદ્યાર્થી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

તલાલા ગીરમાં આવેલા પ્લાઝમા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં બે દિવસ પહેલા જ રહેવા આવેલો ૧૪ વર્ષીય વિદ્યાર્થિનું મોત નીપજ્યું છે. વેરાવળનો ક્રિશ હસમુખ પાતાળ નામનો વિધાર્થી ધોરણ ૮માં બે દિવસ પહેલા જ અભ્યાસ માટે આવ્યો હતો. તેનું ત્રીજા માળની બારીમાંથી પડી જવાને કારણે મોત નીપજ્યાનું સામે આવ્યું છે. હાલ પોલીસે અકસ્માતે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી બાજુ મૃતકના પરિવારમાં પણ શોકનો માહોલ છવાયો છે. વેરાવળના નાવદ્રા ગામનો ક્રીશ હસમુખ પાતાળ નામનો વિધાર્થી પ્લાઝમા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં રહેતો હતો. આ વિદ્યાર્થી બે દિવસ પહેલા જ અહીં અભ્યાસ માટે આવ્યો હતો. આ ૧૪ વર્ષના વિદ્યાર્થીનું કઈ રીતે મોત થયું તે અંગેની હાલ તપાસ ચાલી રહી છે. જોકે, હાલ કહેવામાં આવી રહ્યુ છે કે, તે બુધવારે ૧૦મી જૂનના રોજ સાંજે ત્રીજા માળની બારીમાંથી નીચે પડી ગયો હતો. જે બાદ તેને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જેનું આજે સવારે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

---

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૧૧/૦૬/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૩૭૧ | ૧,૨૯૫.૦૦ | ૧,૮૭૦.૦૦ |
| ૨ | એરંડા | ૯૭ | ૧,૩૦૫.૦૦ | ૧,૩૧૨.૦૦ |
| ૩ | રાયડો | ૬ | ૧,૧૦૦.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૪ | ઘઉં | ૭૫૮ | ૪૩૦.૦૦ | ૫૩૨.૦૦ |
| ૫ | બાજરી | ૬૦૦ | ૪૧૧.૦૦ | ૪૩૬.૦૦ |
| ૬ | મકાઇ | ૩૦૯ | ૪૧૫.૦૦ | ૪૩૭.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૪૨ | ૧,૨૨૧.૦૦ | ૧,૪૨૫.૦૦ |
| ૮ | ચણા | ૭૫ | ૯૮૯.૦૦ | ૧,૦૫૩.૦૦ |
| ૯ | મગ | ૫૨ | ૧,૪૦૦.૦૦ | ૧,૪૯૦.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૩ | ૧,૨૫૦.૦૦ | ૧,૩૫૧.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

---

# પાટણ જિલ્લાના સમી પીએચસીના આઉટ સોર્સિંગ કલાર્કે આચર્યુ ૪૮ લાખથી વધુનુ સરકારી કૌભાંડ: ટીએચઓ એ નોધાવી પોલીસ ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ જિલ્લાના સરકારી આરોગ્ય કેન્દ્રોમાં ગરીબ દર્દીઓની સુવિધા અને વહિવટી ખર્ચ માટે આવતી ગ્રાન્ટ માં લાખો રૂપીયાની ઉચાપત થઈ હોવાની ચકચારી ઘટના બહાર આવી છે.

સમી તાલુકા મથકે આવેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પીએસસી) ના આઉટ સોર્સિંગ એજન્સી મારફતે કલાર્ક તરીકે ફરજ બજાવતા ભરતભાઈ પસાભાઈ નાડોદા (રહે. ભામાથળ, સમી ) એ સરકારી નાણાંની ઉચાપત કરી હોવાનો મામલો બહાર આવ્યો છે. વર્ષ ૨૦૨૪-૨૫ ના નાણાંકીય વર્ષ દરમિયાન આ કલાર્કે બેંક ખાતાઓ અને સરકારી ચોપડાઓમાં મોટા પાયે ચેડા કરીને કુલ રૂપીયા ૪૮,૬૦,૪૦૦ ની રકમ પોતાના અંગત સુખ અને સાહયાબી માટે બારોબાર વાપરી નાખી હતી કે પોતાના મળતીયાઓના ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. વાર્ષિક હિસાબો અને સરકારી ફંડના ઓડીટ દરમિયાન બેંક બેલેન્સ અને સરકારી ચોપડાના આંકડા મેળ ખાતા ન હોવાથી ઉચ્ચ અધિકારીઓને શંકા ગઈ હતી.



જિલ્લા કક્ષાએથી તપાસનો આદેશ છુટતા જ આઉટ સોર્સિંગ કલાર્ક ભરતભાઈ નાડોદા ના હોશ ઉડી ગયા હતા. પકડાઈ જવાના ડર થી તેણે કૌભાંડની સ્વીકારાત્મક ભુમિકા ભજીને કુલ ઉચાપતમાંથી રૂપીયા ૨૧,૪૦,૫૦૦ ની રકમ તાત્કાલીક સરકારી ખાતામાં પરત જમા કરાવી દીધી હતી. જેથી કાયદાકીય કાર્યવાહી માં થી બચી શકાય. આરોપીએ અડધી રકમ પરત ભરી હોવા છતાં, બાકીની રૂપીયા ૨૭,૧૯,૪૮૨ ની સરકારી રકમ લાંબો સમય વિતવા છતાં પણ તેણે જમા કરાવી ન હતી અને વહિવટી તંત્રને ગોળ ગોળ જવાબ આપતો હતો. સરકારી નાણાં પર તરાપ મારવાની આ ગંભીર ગુન્હાહીત પ્રવૃત્તિને પગલે આખરે ઉચ્ચ અધિકારીઓની લીલી ઝંડી મળતા જ સમી તાલુકા હેલ્થ ઓફીસર (ટીએચઓ) એ આ મામલે સમી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફોજદારી ફરીયાદ (એફઆઈઆર ) દાખલ કરાવી છે. પોલીસે વિશ્વાસઘાત , છેતરપીંડી અને સરકારી નાણાં ની ઉચાપતની કલમો હેઠળ ગુન્હો નોંધીને ફરાર થઈ ગયેલા કૌભાંડ કલાર્ક ભરતભાઈ નાડોદાની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. આરોગ્ય વિભાગના જ અન્ય કોઈ મોટા અધિકારીની આમા સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવી છે.

---

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

---

# ગુજરાતમાં એક મહિનાની હેલ્મેટ ડ્રાઈવ પૂર્ણ ! ૧.૮૮ લાખથી વધુ ચાલકો દંડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

માર્ગ અકસ્માતોમાં કિંમતી જિંદગીઓ બચાવવા અને નાગરિકોમાં ટ્રાફિક સેન્સ કેળવવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યના ૧ થી ૩૧ મે દરમિયાન એક મહિનાની વિશેષ "હેલ્મેટ ડ્રાઈવ" યોજવામાં આવી હતી. આ વિશેષ ઝુંબેશ અંગે રાજ્યના પોલીસ વડા જી.એસ.મલિકે જણાવ્યું કે, દંડ વસૂલવો એ ગુજરાત પોલીસનું લક્ષ્ય નથી, પરંતુ ગુજરાતના પ્રત્યેક નાગરિકની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. વાહનચાલકો અને પાછળ બેસનાર વ્યક્તિ માત્ર પોલીસના ડરથી કે દંડથી બચવા માટે નહીં, પરંતુ પોતાના પરિવારની ખુશીઓ માટે હેલ્મેટ અને સીટ બેલ્ટ અચૂક પહેરે. માર્ગ સુરક્ષા એ માત્ર પોલીસની જ નહીં, આપણા સૌની સામૂહિક જવાબદારી છે. રાજ્યના તમામ નાગરિકો ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરી જવાબદાર નાગરિક બને તેવી અપીલ કરું છું.

માર્ગ અકસ્માતોના અનેક કિસ્સાઓમાં એવું જોવા મળ્યું છે કે માત્ર એક હેલ્મેટ પહેરવાના કારણે વાહનચાલકનો જીવ આબાદ બચી ગયો હોય. જ્યારે અનેક કિસ્સાઓમાં "જો હેલ્મેટ પહેર્યું હોત, તો આજે આપણો વ્હાલસોયો સ્વજન જીવિત હોત..." તેવો કાયમી વસવસો પરિવારે આજીવન ભોગવવો પડે છે. ગુજરાત પોલીસ નથી ઈચ્છતી કે કોઈ પણ પરિવાર આવો આઘાત સહન કરે. પોલીસ દ્વારા અવારનવાર એવી પણ ડ્રાઈવ કરાય છે જેમાં નિયમભંગ કરનારને દંડ કરવાને બદલે ગુલાબનું ફૂલ કે હેલ્મેટ આપીને તેનું મહત્વ સમજાવવામાં આવે છે.ટ્રાફિકના નિયમો માત્ર સામાન્ય નાગરિકો માટે જ નહીં પણ દરેક માટે સમાન છે તે આ ડ્રાઈવ દરમિયાન સાબિત કરવામાં આવ્યું છે.

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડીજીપી એ લાલ આંખ કરી આપ્યો આદેશઃ પ્રજાને ન્યાય માટે રઝળવુ ન પડે તે માટે કચેરીઓમાં સ્પેશ્યલ રજીસ્ટ્રર લખાશે

## અધિકારીઓ બપોરે ૧૨ થી ૨ અને પીઆઈ સાંજે ૪ થી ૬ કચેરીમાં હાજર રહેશેઃ અરજીઓના ઝડપી ઉકેલ માટે કડક ડેડ લાઈન નક્કી કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સામાન્ય નાગરીકોની ફરીયાદો અને રજુઆતોનો સ્થાનિક કક્ષાએ જ ઝડપી અને અસરકારક નિકાલ થાય તે માટે રાજયના પોલીસવડા જી એસ મલીકે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ ઐતિહાસિક નિર્ણય હેઠળ હવે રાજયના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓથી લઈને પોલીસ સ્ટેશનના પીઆઈ કક્ષાના અધિકારીઓએ રોજે રોજ ફરજીયાત ૨ કલાકનો સમય નાગરીકોના પ્રશ્નો સાંભળવા માટે ફાળવવો પડશે. આ આદેશનો મુખ્ય હેતુ એ છે કે અરજદારોને ન્યાય મેળવવા માટે ગાંધીનગર સ્થિત ડીજીપી કચેરી ખાતે કે સચિવાલય સુધી લાંબા ધકકા ન ખાવા પડે, નવી ગોઠવાયેલી વ્યવસ્થા મુજબ મુલાકાતીઓ માટે અધિકારીઓ ની કક્ષા પ્રમાણે અલગ અલગ સમય નક્કી કરવામાં આવ્યો છે. રાજયના તમામ પોલીસ કમિશ્નર, સંયુકત, અધિક, નાયબ અને મદદનીશ પોલીસ કમિશ્નર (ડીસીપી/એસીપી) રેન્જ



આઈજી તથા જિલ્લા પોલીસવડા કક્ષાના તમામ અધિકારીઓ રોજે રોજ બપોરે ૧૨ થી ૨ વાગ્યા સુધી ફરજીયાત પોતાની કચેરીમાં હાજર રહી મુલાકાતીઓને સાંભળશે. જો કોઈ અનિવાર્ય સંજોગોમાં મુખ્ય અધિકારી હાજર ન હોય તો કચેરીના વરીષ્ઠ અધિકારી અથવા રીડર અરજદારોની રજુઆતો સ્વીકારી તેનો નિકાલ કરશે. સ્ટેશન સ્તરે પીઆઈ અને થાણા અમલદારો માટે સાંજે ૪ થી ૬ વાગ્યાનો સમય નકકી કરાયો છે. આ સમયગાળા દરમિયાન તેઓએ પોલીસ સ્ટેશનમાં હાજર રહી સામાન્ય નાગરીકોની ફરીયાદો સાંભળવી અને જરૂરી કાર્યવાહી શરૂ કરવી રહેશે. ડીજીપીના આદેશ મુજબ માત્ર નાગરીકોને મળવુ જ પુરતુ નથી, પરંતુ તેમની અરજીઓના નિકાલ માટે પણ કડક સમય મર્યાદા (ડેડ લાઈન) નકકી કરવામાં આવી છે, આર્થિક ગુન્હાઓ, વૈવાહિક અને પારીવારીક વિવાદો, તબીબી બેદરકારી તેમજ ભ્રષ્ટાચાર સંબંધિત ફરીયાદોનો નિકાલ વધુમાં વધુ ૬ અઠવાડીયાની અંદર કરવાનો રહેશે. આ સિવાયની અન્ય તમામ પ્રકારની સામાન્ય અરજીઓનો નિકાલ અધિકારીઓએ ૧૫ દિવસની અંદર લાવવાનો રહેશે. વહિવટી પારદર્શિતા જળવાઈ રહે તે માટે દરેક પોલીસ કચેરી અને પોલીસ સ્ટેશનમાં આવતા અરજદારોની વિગતો અને તેમની રજુઆતો નોંધવા માટે એક વિશેષ રજીસ્ટર રાખવાની સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત જો કોઈ અરજીની પ્રાથમિક તપાસ દરમિયાન પ્રથમ દ્રષ્ટીએ જ સંજ્ઞેય (કોગજીબલ) ગુન્હો બન્યો હોવાનુ બહાર આવતા તો સહેજ પણ વિલંબ કર્યા વગર તાત્કાલીક એફઆઈઆર નોધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાનો કડક આદેશ અપાયો છે. ડીજીપી જી એસ મલીકે તમામ અધિકારીઓને દરેક અરજીની તપાસ તટસ્થતા, પારદર્શિતા અને ન્યાય સંગત રીતે થાય તેની ખાસ તકેદારી રાખવા તાકીદ કરી છે.

# મહાકૌભાંડઃ ગુજરાતની ભરતીઓમાં જીનેટીક ચમત્કાર કે સેટીંગ? એક જ પિતાના બે જુડવા પુત્રોમાંથી મોટો ભાઈ ઓબીસી અને નાનો ભાઈ એસટી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની ભરતીઓમાં જીનેટીક ચમત્કાર કે સેટીંગ ? એક જ પિતાના બે જુડવા પુત્રોમાંથી મોટો ભાઈ ઓબીસી અને નાનો ભાઈ એસટી.

વિજ્ઞાન અને કુદરતના નિયમો પણ ટુંકા પડે અને કાયદાના લીરેલીરા ઉડી જાય તેવી અદભુત જાદુગરી ગુજરાતના વહિવટી તંત્રમાં જોવા મળી રહી છે. જ્ઞાતિ લોહીથી નકકી થાય છે કે લોભ થી ? તેવો સણસણતો સવાલ અત્યારે ગુજરાતના શિક્ષિત અને દિવસ રાત મહેનત કરતા યુવાનો પુછી રહ્યા છે. મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના વસુંધરા ગામના એક જ પરીવારના બે સગાભાઈઓએ જુદી જુદી અનામત કેટેગરીનો લાભ મેળવીને સરકારી નોકરીઓ અંકે કરી હોવાનો સજજડ દસ્તાવેજી પુરાવા સાથેનો પર્દાફાશ થયો છે. બે ભાઈઓ : બે અલગ કેટેગરી કઈ રીતે ? મળતી માહિતી અને સત્તાવાર દસ્તાવેજો અનુસાર મોજે વસુંધરાના રેવાભાઈ હમીરભાઈ સરસૈયા ના બે પુત્રો સરકારી રેકોર્ડ પર અલગ અલગ જ્ઞાતિ ધરાવે છે. મોટા ભાઈ હરેશ રેવાભાઈ સરસૈયા વર્ષ ૨૦૧૫-૧૬ ની ભરતીમાં એસઈબીસી (ઓબીસી) કેટેગરી હેઠળ મહેસુલ વિભાગમાં રેવન્યુ તલાટી તરીકે પસંદગી પામ્યા છે. જેઓ હાલ મોરબી ખાતે ફરજ બજાવી રહ્યા છે.

તો અન્ય નાના ભાઈ નવગણ રેવાભાઈ સરસૈયા આ ભાઈ સીધા જ એસટી (અનુસુચિત જનજાતિ-આદિવાસી) કેટેગરીનુ પ્રમાણપત્ર મેળવીને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન (એએમસી) માં જુનીયર કલાર્ક (જાહેરાત ક્રમાંક ૨૭/૨૦૨૩-૨૪) તરીકે સીલેકટ થઈ ગયા, નથી આ પરીવાર ઉમરગામ થી અંબાજી પટ્ટી નો કે નથી ગીર, બરડો કે આલેચ વિસ્તારનો, છતાં નાનો ભાઈ કાગળ ઉપર આદિવાસી બની ગયો, શું આ કોઈ નવો જીનેટીક ચમત્કાર છે કે પછી જે ભરતીમાં જે કેટેગરીનુ મેરીટ નીચુ અટકે, તે કેટેગરીનુ બોગસ સર્ટીફીકેટ સેટ કરી લેવાનુ સુનિયોજીત કૌભાંડ ? ડીઝીટલ પુરાવામાં ૧૫ વિઘા જમીન અને ઘરમાં તલાટીનો પગાર છતાં મનરેગા માં મજુર બોલે છે.

મામલતદાર કચેરીની ડીઝીટલ સાઈનવાળો વસુંધરા ગામનો ગામ નમુનો ૮-અ (ખાતા નંબર ૪૮) આ સમગ્ર મામલામાં કૌભાંડનો સૌથી




મોટો પુરાવો છે. આ દસ્તાવેજ મુજબ (૧) આ પરીવાર પાસે ૪ સર્વે નંબરો મળીને કુલ ૫-૭૯-૭૧ હેકટર એટલે કે આશરે ૧૪ થી ૧૫ વિઘા ખેતીલાયક સંયુકત જમીન છે. જે કાયદાની નજરમાં તેમને મોટા ખેડુત બનાવે છે (૨) હિન્દુ વારસાઈ ધારા મુજબ બંને ભાઈઓ આ જમીનના સંયુકત વારસદાર છે અને પિતા એક જ છે, જેથી બંનેની જ્ઞાતિ અલગ હોઈ જ ન શકે,

ઘરમાં વર્ષ ૨૦૧૫ થી એક ભાઈ કલાસ-૩ રેવન્યુ તલાટી તરીકે સરકારી પગાર મેળવે છે અને ૧૫ વિઘા જમીન છે. છતાં આ પરીવારે ગરીબ શ્રમિક બનીને વસુંધરા ગ્રામ પંચાયતમાં વ્યકિતગત જમીન પર મનરેગાના કામોના લાભો લેવા અરજીઓ કરી છે. આશ્ચર્યની વાત એ છે કે મનરેગાના ફોર્મમાં પણ નાનો ભાઈ નવગણ પોતાની જ્ઞાતિ એસટી દર્શાવે છે અને બાકીના ભાઈઓ ઓબીસી દર્શાવે છે. સરકારી તીજોરીમાંથી નાણાં પડાવવા આ આખુ તરકટ રચાયુ હોવાના આક્ષેપો થયા છે. આ મામલો માત્ર નોકરી પુરતો સિમિત નથીઃ આ કૌભાંડ કેટલુ પુર્વયોજીત હતુ તેનો પુરાવો એ છે કે ફેબ્રુઆરી ૨૦૨૧ માં નવગણભાઈ રેવાભાઈ સરસૈયાએ આજ બોગસ એસટી પ્રમાણપત્રના આધારે વાકાંનેર તાલુકા પંચાયતની ૧ -અરણીટીંબા બેઠક (જે અનુસુચિત જનજાતિ માટે અનામત હતી) પરથી ચુંટણી પણ લડી હતી. આ લોક પ્રતિનિધિત્વ ધારા અને ચુંટણી કાયદાનો ઘોર ભંગ છે.

### આ નિર્ણયથી ગ્રાહકોને મોટો ફાયદો થવાની આશા

# ઈથેનોલ બ્લેન્ડ પેટ્રોલ થશે સસ્તું, સરકારે ઝીરો કરી એક્સસાઈઝ ડ્યુટી

## સરકારે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર લાગતી એક્સાઈઝ ડ્યુટી (કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક)ને સંપૂર્ણપણે નાબૂદ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન યુદ્ધના કારણે પશ્ચિમ એશિયામાં સ્થિતિ સામાન્ય રહી નથી. એનર્જી કોરિડોર તરીકે ઓળખાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી એલપીજી, પેટ્રોલ અને ડીઝલ ભરેલા જહાજોની અવરજવર લગભગ ઠપ થઈ ગઈ છે. આની અસર એશિયાથી લઈને યુરોપ સુધીના દેશો પર પડી રહી છે. ઘણા દેશોમાં તો એનર્જી ક્રાઈસિસ જેવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે.

સરકારે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર લાગતી એક્સાઈઝ ડ્યુટી (કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક) ને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધી છે. સરકારના આ નિર્ણયથી ગ્રાહકોથી લઈને તેલ કંપનીઓ અને સામાન્ય ખેડૂતોને પણ મોટો ફાયદો થવાની આશા છે. ઉલ્લેખનીય છે કે, સરકારે ઈથેનોલ મિક્સ પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટીને એવા સમયે ખતમ અથવા શૂન્ય કરવાનો નિર્ણય લીધો છે, જ્યારે ઈરાન યુદ્ધના કારણે એનર્જી કોરિડોર તરીકે પ્રખ્યાત હોર્મુઝ સ્ટ્રેટમાંથી ગેસની સાથે જ પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો ખોરવાયો છે. આવી સ્થિતિમાં, એનર્જી સિક્યોરિટીને (ઉર્જા સુરક્ષાને) લઈને નવી નીતિ અપનાવવામાં આવી રહી છે, જેથી દેશની ઉર્જા સુરક્ષાને સુનિશ્ચિત કરી શકાય. મળતી માહિતી મુજબ, કેન્દ્ર સરકારે પેટ્રોલમાં વધુ માત્રામાં ઈથેનોલ બ્લેન્ડિંગને (મિશ્રણને) પ્રોત્સાહન આપવાની દિશામાં મોટું પગલું ભરતા ૨૨ ટકાથી લઈને ૩૦ ટકા સુધીના ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ પર કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક (Excise Duty) અને કેટલાક અન્ય સેસ એટલે કે ઉપકરમાં મોટી છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. આ અંગે સરકારે ગેઝેટ નોટિફિકેશન (રાજપત્ર) પણ જાહેર કરી દીધું છે. આ નોટિફિકેશન હેઠળ E22, E25, E27 અને E30 શ્રેણીના પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી શૂન્ય (૦) કરી દેવામાં આવી છે.

ત્રીજો સૌથી મોટો આયાતકાર દેશ :- ભારત વિશ્વમાં કાચા તેલનો (ક્રૂડ ઓઈલનો) ત્રીજો સૌથી મોટો આયાતકાર અને વપરાશકર્તા દેશ છે. આવી સ્થિતિમાં સરકાર લાંબા સમયથી પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવાની નીતિ પર કામ કરી રહી છે. અત્યાર સુધી ઈ૨૦ એટલે કે ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર સૌથી વધુ ભાર મૂકવામાં આવી રહ્યો હતો, પરંતુ આ નવા નિર્ણયથી તેનાથી વધુ મિશ્રણ ધરાવતા ઈંધણને પણ મોટો વેગ મળશે. ઈંધણની કિંમતોને સ્થિર રાખવામાં મદદ મળશે :- નિષ્ણાતોનું માનવું છે કે આ નિર્ણયથી ભવિષ્યમાં ઈંધણની કિંમતોને સ્થિર રાખવામાં મોટી મદદ મળી શકે છે. આ સાથે જ ઈથેનોલના ઉત્પાદન માટે કૃષિ ક્ષેત્રમાં માંગ વધશે, જેનાથી સીધો ખેડૂતોને ફાયદો થશે. જોકે, વધુ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનો ઉપયોગ તમામ વાહનોમાં તરત જ શક્ય બનશે નહીં. આ માટે ઓટોમોબાઈલ ઉત્પાદકોએ (વાહન ઉત્પાદક કંપનીઓએ) એવા એન્જિન વિકસાવવા પડશે જે ઉચ્ચ ઈથેનોલ મિશ્રણ ધરાવતા ઈંધણ માટે સુસંગત (અનુકૂળ) હોય.

ખેડૂતોની આવક વધારવામાં મદદ મળશે :- ઈથેનોલ એક બાયો-ફ્યુઅલ (જૈવ-ઈંધણ) છે, જે મુખ્યત્વે શેરડી, મકાઈ અને અન્ય કૃષિ ઉત્પાદનોમાંથી તૈયાર કરવામાં આવે છે. પેટ્રોલમાં તેનો ઉપયોગ કરવાથી કાચા તેલની આયાત પર ભારતની નિર્ભરતા ઘટશે, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને ખેડૂતોની આવક વધારવામાં મોટી મદદ મળવાની અપેક્ષા છે. સરકારના આ પગલાને ઉર્જા સુરક્ષા વધારવા અને ગ્રીન ફ્યુઅલને (હરિત ઈંધણને) પ્રોત્સાહિત કરવાની દિશામાં અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

**પશ્ચિમ રેલ્વે - રતલામ મંડળ**
બાંધકામ ગતિ શક્તિ વિભાગ
ઇ-ટેન્ડરિંગ સૂચના
નંબર: GS-C-RTM/NIT, તારીખ: 09.06.2026, પશ્ચિમ રેલ્વે બાંધકામ (ગતિ શક્તિ), રતલામ, ભારતના રાષ્ટ્રપતિ વતી, www.ireps.gov.in વેબસાઇટ પર "ઓપન ટેન્ડર" ઇ-ટેન્ડરિંગ દ્વારા નીચેના કામ માટે ટેન્ડર આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે:નંબર: 1, ઇ-ટેન્ડરિંગ નંબર: RTM-GSU-Enggg-ROB-BMI-72R, કાર્યનું નામ: રેલ્વે ભાગનું બાંધકામ. બે લેન રોડ ઓવર બ્રિજ (1 x 72.00 મીટર બો સ્ટ્રિંગ/કેમલ બેક સ્ટીલ ગર્ડર + 1 x 36.00 મીટર અને 1 x 24.00 મીટર સ્પાન કમ્પોઝિટ સ્ટીલ ગર્ડર) રતલામ ડિવિઝન પશ્ચિમ રેલ્વેના બામનિયા અને ભૈરોનગઢ સ્ટેશનો વચ્ચે, ગોધરા - રતલામ સેક્શનમાં લેવલ ક્રોસિંગ નંબર 72 ના બદલે 609/10 - 12, અંદાજિત કિંમત: ₹ 244762803.16, અર્નેસ્ટ મની ડિપોઝિટ: ₹ 4895300.00, ટેન્ડર ખુલવાની તારીખ: 06.07.2026. વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા શરતો અને અન્ય શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.
ADM/5/1/97
અમને ફોલો કરો: twitter.com/WesternRly

### ડૉ. જિતેન્દ્ર સિંહે આઈઆઈટી (IIT) ગાંધીનગર ખાતે

# DST દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ સેન્ટ્રલ ઈન્સ્ટ્રૂમેન્ટેશન ફેસિલીટી અને ૩ રિસર્ચ ક્લસ્ટર્સ લોન્ચ કર્યા

## નવી ઈન્ડસ્ટ્રી-એકેડેમિયા રિસર્ચ પહેલમાં સ્થાપક ભાગીદારો તરીકે અંદાજે ૭૦ ઉદ્યોગો જોડાયા



PIB Ahmedabad

આઈઆઈટી (IIT) ગાંધીનગર ખાતે "એડવાન્સિંગ રિસર્ચ એન્ડ ઈનોવેશન ટુવર્ડ્સ વિકસિત ભારત વિથ ધ ઈનોગ્યુરેશન ઓફ મેજર રિસર્ચ ઈનિશિયેટિવ્સ" કાર્યક્રમને સંબોધિત કરતા, કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) વિજ્ઞાન અને ટેક્નોલોજી અને પૃથ્વી વિજ્ઞાન; પ્રધાનમંત્રી કાર્યાલય, પરમાણુ ઊર્જા વિભાગ, અંતરિક્ષ વિભાગ, પર્સનલ, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈજ્ઞાનિક સંશોધનનું સાચું મૂલ્ય માત્ર પ્રકાશનોમાં જ નથી, પરંતુ તેનાથી સમાજ અને અર્થતંત્ર પર દેખીતી અસરો ઊભી કરવાની ક્ષમતામાં રહેલું છે. તેમણે નોંધ્યું હતું કે ભારતને એક એવા મજબૂત ઈકોસિસ્ટમની જરૂર છે જ્યાં સંશોધનો શૈક્ષણિક જગત, ઉદ્યોગ અને સરકાર વચ્ચેના અસરકારક સહયોગ દ્વારા પ્રયોગશાળાઓમાંથી સીધા જ અમલીકરણ તરફ આગળ વધે.

મંત્રીએ આઈઆઈટી (IIT) ગાંધીનગર ખાતે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (DST) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ "સેન્ટ્રલ ઈન્સ્ટ્રૂમેન્ટેશન ફેસિલીટી" (CIF) અને ત્રણ નવા રિસર્ચ ક્લસ્ટર્સ - એડવાન્સ્ડ મટીરિયલ્સ રિસર્ચ ક્લસ્ટર (AMRC), એનર્જી રિસર્ચ ક્લસ્ટર (ERC), અને હેલ્થકેર એન્ડ મેડટેક રિસર્ચ ક્લસ્ટર (HMRC) લોન્ચ કર્યા હતા, જેનો ઉદ્દેશ્ય અત્યાધુનિક સંશોધનોને રાષ્ટ્રીય વિકાસ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા ઉકેલોમાં પરિવર્તિત કરવાનો છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે લગભગ ૭૦ ઉદ્યોગો સ્થાપક ભાગીદારો તરીકે આગળ આવ્યા છે, જે ઉદ્યોગ અને શૈક્ષણિક જગત (ઈન્ડસ્ટ્રી-એકેડેમિયા) વચ્ચેના સહયોગમાં વધતા વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

ડૉ. જિતેન્દ્ર સિંહે અવલોકન કર્યું હતું કે સામગ્રીની આત્મનિર્ભરતા, સ્વચ્છ ઊર્જા અને સસ્તું સ્વાસ્થ્ય સંભાળ ક્ષેત્રે ભારતની જટિલ અસરો માટે સંશોધન પ્રકાશનોથી આગળ વધીને સતત પ્રયાસોની જરૂર છે. તેમણે જણાવ્યું હતું કે નવા લોન્ચ કરાયેલા ક્લસ્ટર્સ ટ્રાન્સલેશનલ રિસર્ચ (અનુવાદિત સંશોધન) અભિગમને સાકાર કરે છે, જ્યાં વૈજ્ઞાનિક શોધોને પાઈલટ ડેવલપમેન્ટ, વેલિડેશન અને ટેક્નોલોજી ટ્રાન્સફર સુધી લઈ જવામાં આવે છે.

કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે તાજેતરની વિજ્ઞાન નીતિ પહેલો પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સંશોધનની તકો અને ભંડોળ સુધીની પહોંચનું લોકશાહીકરણ કરવાનો રહ્યો છે. અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (ANRF) નો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે આ પહેલનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે નાણાકીય અને તકનીકી સહાય પરંપરાગત ઉત્કૃષ્ટતાના કેન્દ્રોથી આગળ વધીને અન્ય સંસ્થાઓ સુધી પણ પહોંચે. તેમણે ઉમેર્યું હતું કે ભારતના સંશોધન ઈકોસિસ્ટમે રાષ્ટ્રીય પડકારોને વ્યાપક રીતે ઉકેલવા માટે વિજ્ઞાન, માનવતા (હ્યુમેનિટીઝ) અને સામાજિક વિજ્ઞાનની કુશળતાને એકસાથે લાવીને પોતાની વિવિધતામાંથી શક્તિ મેળવવી જોઈએ.

વર્તમાન સમયને વિજ્ઞાન અને ટેક્નોલોજીનો દાયકો ગણાવતા મંત્રીએ જણાવ્યું હતું કે ભારત ફ્રન્ટિયર (અગ્રણી) ટેક્નોલોજીમાં એક સક્રિય સહભાગી તરીકે વધુને વધુ ઉભરી આવ્યું છે. તેમણે નોંધ્યું હતું કે નેશનલ ક્વોન્ટમ મિશન અને ઈન્ડિયાએઆઈ (IndiaAI) મિશન જેવી પહેલો સંશોધકો અને સંસ્થાઓ માટે દેશની તકનીકી પ્રગતિમાં યોગદાન આપવા માટે નવી તકો ઊભી કરી રહી છે.

મંત્રીએ આઈઆઈટી (IIT) ગાંધીનગર ખાતે સેન્ટ્રલ ઈન્સ્ટ્રૂમેન્ટેશન ફેસિલીટી (CIF) નું ઉદ્ઘાટન પણ કર્યું હતું અને CIF પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. તેમણે વહેંચાયેલા વૈજ્ઞાનિક માળખાને ઈનોવેશન માટે એક મહત્વપૂર્ણ સક્ષમકર્તા ગણાવ્યું હતું, જે સંશોધકો, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગોને એવી અત્યાધુનિક સુવિધાઓ સુધી પહોંચ પ્રદાન કરે છે જે વ્યક્તિગત સંસ્થાઓ માટે સ્વતંત્ર રીતે સ્થાપિત કરવી મુશ્કેલ હોઈ શકે છે. તેમણે નોંધ્યું હતું કે આવું માળખું ભારતના સેમિકન્ડક્ટર મિશન સહિતની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને સમર્થન આપશે.

તેમની મુલાકાત દરમિયાન, ડૉ. જિતેન્દ્ર સિંહે આઈઆઈટી (IIT) ગાંધીનગર રિસર્ચ પાર્ક ખાતે સ્ટાર્ટઅપ્સ અને ફેકલ્ટીના નેતૃત્વ હેઠળના ટેક્નોલોજી પ્રદર્શનો સાથે સંવાદ કર્યો હતો. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સહયોગથી સ્થપાયેલ આ રિસર્ચ પાર્ક સંશોધકો, ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગો વચ્ચે ઈનોવેશન અને વ્યાપારીકરણને વેગ આપવા માટે સહયોગના મંચ તરીકે કામ કરે છે. આ સુવિધા હાલમાં ૨૦ થી વધુ કંપનીઓનું યજમાનપદ કરે છે અને ૩૦ થી વધુ સ્ટાર્ટઅપ્સને સહાય પૂરી પાડે છે.

ઉદ્યોગોની ભાગીદારીના મહત્વ પર ભાર મૂકતા, ડૉ. જિતેન્દ્ર સિંહે સંશોધન કાર્યક્રમોમાં ઉદ્યોગો સાથે પ્રારંભિક જોડાણની હિમાયત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ઉદ્યોગો સાથેનો સહયોગ સંશોધન પૂર્ણ થયા પછી નહીં પરંતુ તેની કલ્પના (કન્સેપ્ચ્યુલાઈઝેશન) ના તબક્કેથી જ શરૂ થવો જોઈએ, જેથી ટેક્નોલોજીનું ટ્રાન્સફર વધુ સરળ બને અને સામાજિક જરૂરિયાતો સાથે સુસંગતતા જળવાય રહે.

તાજેતરમાં જાહેર કરાયેલી રૂ. ૧ લાખ કરોડની રિસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ ઈનોવેશન (RDI) પહેલનો ઉલ્લેખ કરતા મંત્રીએ જણાવ્યું હતું કે તે સંશોધન અને ઈનોવેશનમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને મજબૂત કરવા માટેની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે સંસ્થાઓ અને સંશોધકોને વૈજ્ઞાનિક સંશોધનો માટે વધુ મોટો ટેકો મેળવવા માટે ઉદ્યોગો અને પરોપકારી સંસ્થાઓ સાથે જોડાવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

મુલાકાત દરમિયાન, મંત્રીએ નેમટેક (NAMTECH) ના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરી હતી અને ઉભરતા તકનીકી ક્ષેત્રો સાથે સુસંગત ઉદ્યોગ-સંકલિત લર્નિંગ મોડલ્સ દ્વારા ભવિષ્ય માટે સજ્જ પ્રતિભાઓ વિકસાવવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ડૉ. જિતેન્દ્ર સિંહે વર્ષ ૨૦૨૫ ની આઈઆઈટી (IIT) ગાંધીનગરની ટોચની ૨૫ સંશોધન સિદ્ધિઓ દર્શાવતા એક પ્રકાશનનું પણ વિમોચન કર્યું હતું. સંસ્થાના ઈન્ટરડિસિપ્લિનરી (આંતરશાખાકીય) અભિગમની પ્રશંસા કરતા તેમણે નોંધ્યું હતું કે આઈઆઈટી (IIT) ગાંધીનગરે ટકાઉ વિકાસ, સર્જનાત્મક શિક્ષણ અને વાસ્તવિક દુનિયાની સમસ્યાઓ ઉકેલવા તરફ નિર્દેશિત સંશોધનો પર ભાર મૂકીને પોતાની એક અલગ ઓળખ બનાવી છે.

પોતાના સંબોધનના સમાપનમાં, મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રિસર્ચ ક્લસ્ટર્સ, વહેંચાયેલ વૈજ્ઞાનિક માળખું અને ઉદ્યોગ-સંકલિત ઈનોવેશન ઈકોસિસ્ટમ જેવી પહેલો ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાઓને મજબૂત કરશે અને વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝનને હાંસલ કરવામાં સાર્થક યોગદાન આપશે. તેમણે જણાવ્યું હતું કે ભારતનો એક વિકસિત રાષ્ટ્ર બનવાનો માર્ગ એવી સંસ્થાઓ દ્વારા નિર્મિત થશે જ્યાં સંશોધન ઉદ્યોગ સાથે મળે અને ઈનોવેશન રાષ્ટ્રીય ક્ષમતામાં પરિવર્તિત થાય.

# રાજકોટ જમીન કૌભાંડઃ ભાજપ નેતાની ૭ કરોડની જમીન ખાલસા કરવાનો કલેકટરનો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ બાબુ માટીયા એક મોટા જમીન કૌભાંડમાં સંડોવાયેલા હોવાનુ બહાર આવ્યુ છે. જિલ્લા કલેકટરે બાબુ માટીયાની માલીકીની રૂપીયા ૭ કરોડની કિંમતની ૯ વિઘા




જમીન ખાલસા કરવાનો આદેશ કર્યો છે. આ કાર્યવાહી રાજકોટ નજીક આવેલા માલીયાસણ ખાતે થશે. મળતી માહિતી અનુસાર આ જમીન નવી શરતની હતી, જે પૂર્વ મંજુરી મેળવ્યા વિના અને સરકારને જરૂરી પ્રિમિયમ ભર્યા વગર જ વેચી દેવામાં આવી હતી. આ ગંભીર ઉલ્લંઘન બાદ જિલ્લા કલેકટરે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાજપ નેતા બાબુ માટીયાએ આ સમગ્ર મામલે પોતાની ભુલ સ્વીકારી છે, તેમણે જણાવ્યુ હતુ કે પ્રિમિયમ ભર્યા વગર જમીન વેચવી એ તેમની ભુલ હતી. તેમણે વધુમાં કહ્યુ હતુ કે સરકાર કે કલેકટર તરફથી જે કોઈ કાર્યવાહી કરવામાં આવશે તેનો તેઓ સ્વીકાર કરશે, આ ઘટના ગુજરાતમાં જમીન સંબંધિત નિયમોના પાલનનુ મહત્વ દર્શાવે છે.

**પશ્ચિમ રેલ્વે**
સિગ્નલિંગ કાર્ય
ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ), પ્રતાપનગર, વડોદરા, ઇ-ટેન્ડર નંબર S&T/C/BRC/156/2025-26 આમંત્રિત કરે છે. કાર્યનું નામ તેના સ્થાન સાથે: "વડોદરાથી ગોધરા વચ્ચે ક્વાડ્રુલિંગ પ્રોજેક્ટના સંદર્ભમાં માટીકામ અને પુલના કાર્યને સરળ બનાવવા માટે ઉલ્લંઘન દૂર કરવા અને ક્લિયરિંગ સાઇટ સાથે તોડી પાડવા માટે હાલના S&T ગિયર્સ જેમ કે જમીનમાં નાખેલા કેબલ, OFC, સ્થાન બોક્સ અને LC ગેટ સાધનોનું સ્થળાંતર અને "સેવાલિયા સ્ટેશન પર ટ્રેક સર્કિટિંગ કાર્યના સંદર્ભમાં WTPS સાઇડિંગ માટે હોટ સ્ટેન્ડબાય ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ (હિટાચી મેક) સિસ્ટમ અને આઉટડોર સિગ્નલિંગ સિસ્ટમ્સની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ફેરફાર, પરીક્ષણ અને કમિશનિંગ". C S T E બાંધકામ, વડોદરા, ગુજરાત (પશ્ચિમ રેલ્વે)." કામનો અંદાજિત ખર્ચ: ₹30,05,60,210.65/- EMD: ₹ 60,11,200/-. ઈ-ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા.02.07.2026 ના 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ: 02.07.2026 ના રોજ 15:30 કલાકે. વેબસાઇટ વિગતો: www.ireps.gov.in
0223
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
સિગ્નલિંગનું કામ
ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ), પ્રતાપનગર, વડોદરા, ઇ-ટેન્ડર નંબર S&T/C/BRC/154/2025-26 આમંત્રિત કરે છે. કાર્યનું નામ તેના સ્થાન સાથે: "વાઘોડિયા, જરોદ અને લોટના સ્ટેશનો પર નવી હોટ સ્ટેન્ડબાય ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ સિસ્ટમની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમિશનિંગ અને ડભોઇ અને સમલાયા સ્ટેશન પર એલ ફેરફાર, તેમજ ડભોઇ-વાઘોડિયા-જરોદ - લોટના-સમલાયા વિભાગમાં BPAC સાથે વિવિધ ઇન્ડોર અને આઉટડોર સિગ્નલિંગ સિસ્ટમની સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ, ડેપ્યુટી CSTE કન્સ્ટ્રક્શન, વડોદરા, ગુજરાત (પશ્ચિમ રેલ્વે) હેઠળ ગેજ કન્વર્ઝન કાર્યની જોગવાઈના સંદર્ભમાં" કાર્યની અંદાજિત કિંમત: ₹29,38,68,260.25/-. EMD: ₹58,77,400/-. ઈ-ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: 06.07.2026 ના 15:00 કલાક સુધી. ટેન્ડર ખુલવાનો સમય: તા.06.07.2026 ના રોજ 15:30 કલાકે. વેબસાઇટ વિગતો: www.ireps.gov.in
0224
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ**
ઈલેકટ્રીકલ ડીપાર્ટમેન્ટ, સા.રી.ફ્ર.ડે.કો.લી.

**જાહેર જનતા જોગ ચેતવણી**

આથી, અમદાવાદ શહેરની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા રીવરફ્રન્ટની ઇસ્ટ તથા વેસ્ટ બાજુએ મેઇન રોડ ઉપર સ્ટ્રીટલાઇટ પોલ્સ તથા અપર અને લોઅર પ્રોમીનાડ ઉપર ડેકોરેટીવ પોલ્સ દ્વારા લાઇટીંગની સુવિધા પુરી પાડવામાં આવે છે. સદર ઉભા કરવામાં આવતા મેઇન રોડ ઉપરના તમામ સ્ટ્રીટ લાઇટનાં પોલ્સ તથા તમામ ડેકોરેટીવ પોલ્સ અને તેના પાવર ફીડીંગ સેક્શન સુરક્ષાનાં તમામ પાસાની ચકાસણી કરી ચાલુ કરવામાં આવે છે. રીવરફ્રન્ટની ઇસ્ટ તથા વેસ્ટ બાજુએ મેઇન રોડ ઉપરના સ્ટ્રીટલાઇટ પોલ્સ ઉપર કેટલીક એજન્સીઓ તાર કે વાયર બાંધીને જાહેરાતના હોર્ડિંગ્સ લગાવતી હોય છે તેમજ પાવર ફીડીંગ સેકશન સાથે ઢોર-ઢાંખર બાંધતા, સ્ટ્રીટલાઇટના પોલ્સ પર તાર કે વાયર બાંધીને કપડાં સુકવતાં જેનાથી તેમાં કરંટ લાગવાની કે જાનહાની થવાની શકયતા રહે છે. કેટલીક જગ્યાએ મેઇન રોડ પરના સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા અપર અને લોઅર પ્રોમીનાડ પરના ડેકોરેટીવ પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેકશનમાંથી અન અધિકૃત માણસો દ્વારા બિન અધિકૃત રીતે પાવર લેતાં કેબલ કાપી તથા તેને આનુસાંગિક ઇલેક્ટ્રીકલ પ્રોટેકશન સીસ્ટમ માટે જરૂરી રીલે, ફ્યુઝ, એમ.સી.બી. વિ. જેવી વસ્તુઓની ચોરી કરી વાયરો તેમજ જંકશન બોક્સ તેમજ પાવર ફીડીંગ સેકશનને ગંભીર હાલતમાં ખુલ્લા મુકતા હોવાનું માલુમ પડેલ છે. જે ઘણી જ ગંભીર બાબત છે.

**સાબરમતી રીવરફ્રન્ટના મેઇન રોડ પરના સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા અપર અને લોઅર પ્રોમીનાડ પરના ડેકોરેટીવ પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેકશનમાં ૨૩૦/૪૪૦ વોલ્ટનો જીવંત પાવર હોય છે જેનાથી તેમાં કરંટ લાગવાની અને જાનહાની થવાની પુરી સંભાવના છે. તેથી જાહેર જનતાને આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે સાબરમતી રીવરફ્રન્ટના મેઇન રોડ પરના સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા અપર અને લોઅર પ્રોમીનાડ પરના ડેકોરેટીવ પોલ્સ તથા પાવર ફીડીંગ સેકશનને ચાલુ કે બંધમાં અડકવુ નહી, તેમાંથી બિન અધિકૃત રીતે પાવર લેવો નહિ, પાવર ફીડીંગ સેકશન સાથે પોતાના પાલતુ ઢોર-ઢાંખર બાંધવા નહીં, સ્ટ્રીટલાઈટના પોલ્સ પર તાર કે વાયર બાંધીને કપડાં સુકવવા નહીં તથા સ્ટ્રીટલાઈટના પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેકશન માંથી કેબલ કાપી તથા તેને આનુસાંગિક ઈલેક્ટ્રીકલ પ્રોટેકશન સીસ્ટમ માટે જરૂરી રીલે, ફ્યુઝ, એમ.સી.બી. વિ. જેવી વસ્તુઓની ચોરી કરવી નહી અને જો કોઈ શખ્સ સ્ટ્રીટલાઈટ પોલ્સ તથા પાવર ફીડીંગ સેકશનમાંથી ચોરી કરશે કે અડકશે કે બિન અધિકૃત રીતે પાવર લેશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા સદર પરિસ્થિતિમાં જે કોઇ જાનહાની કે અન્ય કોઇ પણ નુકશાનની તમામ જવાબદારી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની રહેશે નહી. તેની વખતો વખત જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.**

"સ્ટ્રીટલાઈટની ફરીયાદ માટે (24 X 7) નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવો. : ૧૫૫૩૦૩"

**મેનેજીંગ ડાયરેકટરશ્રી, સા.રી.ફ્ર.ડે.કો.લી**

### ડિમોલિશન મામલે નિમાયેલી તપાસ સમિતિના નામે ખેલાતા નાટક સામે

# ભાજપના જ MLA વિનુ મોરડિયાએ ઊભા કર્યા સવાલો?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સમગ્ર રાજ્ય સહિત દેશભરમાં ગાજેલા સુરતના નાસિર નગરના ભૂતિયા ડિમોલિશનની તપાસ જયારે મ્યુનિસિપલ કમિશનર નાગરાજન દ્વારા એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.જેમાં ડેપ્યુ.મ્યુ. કમિશનર મીના ગજ્જરની અધ્યક્ષતામાં રચવામાં આવેલી આ સમિતિ દ્વારા હવે સમગ્ર પ્રકરણમાં તબક્કાવાર વિવિધ પાસાઓ અંગેની તપાસ કરવામાં આવ્યા બાદ અહેવાલ તૈયાર કરવામાં આવશે. અને અહેવાલના આધારે જ વિવાદાસ્પદ ડિમોલિશન પ્રકરણમાં અધિકારીઓની જવાબદારી નક્કી થશે.

આ તપાસ સમિતિમાં મીના ગજ્જર સહિત ડેપ્યુ.મ્યુનિસિપલ કમિશનર મનીષ ડોકટર, એડિશનલ સિટી ઈજનેર મહેશ ચાવડા અને કાર્યપાલક ઈજનેર કે.એલ વસાવા, આર ડી. ગાંજાવાલા અને ડેપ્યુ. ઈજનેર મોહસીન કાગજીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં જરૂરી પુરાવાઓથી લઈને તમામ પાસાઓ તપાસી અંતિમ અહેવાલ મ્યુ.કમિશનરને સોંપવામાં આવશે.

આમ સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્ર અને શાસકો માટે સિરદર્દ સમાન સાબિત થઈ રહેલું નાસિર નગરના ભૂતિયા ડિમોલિશન પ્રકરણમાં હવે ધારાસભ્ય વિનુ મોરડીયા ખુલીને સામે આવ્યા છે. હવે વિનુ મોરડીયા ધ્વારા મહાનગરપાલિકાની તપાસ સમિતિ અંગે પણ શંકા-કુશંકા વ્યક્ત કરી છે. તેઓએ મહાનગરપાલિકાના જ અધિકારીઓ પોતાના સહકર્મીઓ વિરુધ્ધ નિષ્પક્ષ તપાસ કરી શકે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ ચિન્હ લગાવ્યા છે.

તેઓએ (વિનુભાઈ) એ વધુમાં જણાવ્યું હતું કે, આ સમગ્ર પ્રકરણમાં સચિવ કક્ષાના અધિકારી દ્વારા સમગ્ર પ્રકરણની તપાસ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓ વિરુધ્ધ ફોજદારી ગુનો નોંધાવવો જોઈએ. આમ છેલ્લા દસ દિવસથી આ ૧૫૦ જેટલા કાચા-પાકા મકાનોના ડિમોલેશનનો મામલો જયારે ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે તપાસ સમિતિ ઉપર પણ સવાલોની ઉઠતી ચર્ચાઓ પણ એટલી જ સમસ્યા પેદા કરી રહી છે.

ત્યારે હવે ખુદ ભાજપનાં જ ધારાસભ્ય દ્વારા મહાનગરપાલિકાની તપાસ સમિતિ અંગે વિરોધ કરવાની સાથે-સાથે આગામી સમયમાં ગાંધીનગર સુધીમાં પણ આ અંગે રજૂઆત કરવા જણાવીને સમગ્ર પ્રકરણના કસુરદારો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવે તેવી પણ માંગ વિનુ મોરડિયાએ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત એરપોર્ટની આજુબાજુનાં ચોક્કસ કિલોમીટરનાં વિસ્તારમાં હાઈરાઈઝ બિલ્ડીંગો ઊભા કરવા એ ગુનો બને છે. એવા ઊભા થઈ ગયેલા બિલ્ડીંગોને તોડી પાડવા અંગે નોટિસ આપવા છતાં કોર્ટ મેટરને લઈને એ બિલ્ડીંગો આજે પણ અડીખમ ઊભા રહીને એરપોર્ટ પર આવતા વિમાનો માટે જોખમ રૂપ બનેલા છે.ત્યારે જો હાઈરાઈઝ બિલ્ડીંગોને નોટિસો અપાતી હોય તો નાસિર નગર જેવા ગરીબ માણસોનાં ૧૫૦ જેટલા કાચા-પાકા મકાનો વગર નોટિસે કેવી રીતે તોડી પડાયા? આ સવાલ આજે પણ શહેરીજનોનાં મગજમાં ગુંજી રહ્યો છે.

# ગુજરાત સરકારના વર્ગ-૪ ની ભરતી પરના પ્રતિબંધ હટાવા માટે ગુજરાત પ્રદેશ વાલ્મીકિ સમાજની માંગ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત પ્રદેશ વાલ્મીકિ સમાજની એક મિટિંગ ન્યુ ઓપેરા હાઉસ ખાતે સાંજે ૫:૦૦ કલાકે ભાઈલાલ બી. વૈષ્ણવના અધ્યક્ષતામાં મળી હતી. તેમાં વાલ્મીકિ સમાજના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વાલ્મીકિ સમાજના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી પડે તો સમાજનો સંપર્ક કરવા તેમજ વાલ્મીકિ સમાજના યુવાન/યુવતીઓને નોકરી ધંધો રોજગાર મળી રહે તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગ સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક. ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ.૧, તા.૧૪/૦૮/૨૦૧૪ અને સામાન્ય વહીવટી વિભાગ ના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ અનુસાર ડ્રાઈવર તેમજ વર્ગ-૪ ની પટાવાળા, પટાવાળા -કર્મ-ડ્રાયવર, પ્યુન કમ એટેન્ડન્ટ, માળી, ધોબી, ચોકીદાર, પ્યુન કમ ચોકીદાર, સ્વીપર, લીફ્ટમેન, લીફ્ટ એટેન્ડન્ટ, સફાઈ કામદાર, વોર્ડબોય, ડ્રેસર, આયા, કલીનર, ઓપરેશન થીયેટર એટેન્ડન્ટ, સ્ટ્રેચર બેરર, વોટરબેરર, હેલ્પર, મુકાદમ, રસોઈયા, મદદનીશ રસોઈયા, હમાલ, નાયક, હવાલદાર જેવી જગ્યાઓ ભરવા ઉપર રોક લગાવી આવી જગ્યાઓ આઉટ સોર્સિસથી ભરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.અને આમ કરી ગુજરાત રાજ્યમાં વર્ગ-૪ની જગ્યાઓ ની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મૂકેલો છે. જેના કારણે રાજય સરકારમાં ઉપરોક્ત કેડરની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. જેના કારણે આ જગ્યાની નોકરી માટે અપેક્ષા રાખતા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ વધી રહેલ છે.રાજય સરકારના ઉપરોક્ત ઠરાવોને કારણે છેલ્લા ૧૦ વર્ષ ઉપરાંત સમયથી રાજય સરકારની કચેરીઓ જેવી કે સરકારી હોસ્પિટલો, કોલેજો વિગેરેમાં ભરતી થઈ શકેલ નથી. જેના કારણે ઘણા યુવાનો રોજગારથી વંચિત રહેલા છે.સુરત શહેરના સુરત મ.ન.પા માં ૭૦૦૦ કરતાં વધુ જગ્યાઓ સફાઈ કામથી સંકળાયેલ ચ તે જગ્યાઓ છેલ્લા ૦૪ વર્ષ ઉપરાંતથી ભરાયેલ નથી. જેના કારણે અન્ય કર્મચારી ઉપર કામનું ભારણ વધી રહેલ છે.

રાજય સરકારના ઉપરોક્ત ઠરાવો રદ કરી વર્ગ-૪ ની ભરતી તાત્કાલિક કરવામાં આવે તેવી માંગણી આજ રોજ ની સભામાં કરવામાં આવેલ હતી. જો રાજયસરકાર આ માંગણી અંગે વિચારણામાં નહીં લે તો ગુજરાત પ્રદેશ વાલ્મીકિ સમાજ ધ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરવામાં આવશે. આ સભામાં ભાઈલાલ વૈષ્ણવ, શશિકાંત સોલંકી ,કાંતિભાઈ સોલંકી રવિભાઈ સુરતી, શ્યામભાઈ ટેનિયા, ગવલેશ ભગત, સુભાષભાઈ સોલંકી, જીતેન્દ્રભાઈ સોલંકી વિગરે સભામાં હાજર રહયા હતા. અને વાલ્મીકિ સમાજ ની એક મોટી મિટિંગ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ સુરત મુકામે રાખવામાં આવેલ છે.

### કાયદાના છીંડા અને નૈતિક હિંમતના અભાવે

# જનતા ના ઘરો પર બુલડોઝર ફેરવનારાઓ ક્યારેય કોઈ નેતાને ધક્કો મારીને ઘર ખાલી નથી કરાવતા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતીય રાજકારણની તાસીર એવી છે કે રાજકારણીઓ લોકોને સલાહ આપતા ફરે છે, પરંતુ જ્યારે તેમને પોતાને નિયમોનું પાલન કરવાનું આવે છે ત્યારે બહારના બાજી કરતા જોવા મળે છે. આપણી લોકશાહીમાં નેતાઓની કથની અને કરણી અલગ અલગ હોય છે. નેતાઓનો ગર્ભિત ઈશારો તો એવો જ હોય છે કે અમે કહીએ એ કરવાનું અમે કરીએ એ નહીં. કારણકે લોકશાહીમાં સત્તાધીશોને મળતી સૌથી વધુ સવલતોના કારણે તેમને (નેતાઓને) રાજાશાહી જીવન જીવવાની ટેવ પડી જાય છે. પક્ષ પલટા કરવા પાછળનાં અનેક કારણો પૈકી એક અને મહત્વનું કારણ સરકારી સવલતો ચાલુ રહે તે હોય છે. કેટલાકને બંગલાનો મોહ હોય છે. તો કેટલાકને આગળ પાછળ સિક્યુરિટી ફરે તેનો મોહ હોય છે. સત્તાની સાથે જ્યારે સરકારી બંગલો મળે ત્યારે લોકો પોતાની મનપસંદનો કલર, મનપસંદ બાથરૂમ એસેસરીઝ, બંગલાના પડદા, સિલીંગ ફેન વગેરે બદલાવે છે. કેટલાક તો વળી પોતાની રીતે અલગ વિશાળ બંગલો ઊભો કરીને કાયમી વસવાટ મળ્યો હોય એમ તે તૈયાર કરાવે છે. આમ મફતમાં મળતું કોઈ જવા દેતું નથી. પરંતુ ભારતના આ અનિશ્ચિત રાજકારણમાંથી કોણ ક્યારે ફેંકાઈ જશે એ કહેવું મુશ્કેલ છે ત્યારે કેટલાક ખંધા અને ઉસ્તાદ રાજકારણીઓ જાણતા હોય છે કે સમય ગમે ત્યારે પલટાઈ શકે છે. તેમ સમજીને ભ્રષ્ટાચાર કરીને પોતાનું અલગ ફાર્મ હાઉસ ઊભું કરી દે છે. જેથી સરકારી બંગલો ખાલી કરવાનો વારો આવે તો બહુ વાંધો ના આવે. હવે જ્યારે ભારતના રાજકારણીઓ પાંચ વર્ષ રાજ કર્યા પછી જ્યારે હારે છે ત્યારે સરકારે આપેલી બંગલા જેવી સવલતોને પોતાની માલિકીની સમજી બેસે છે. અને નબળા કાયદા ના છીંડા અને સત્તાધારી પક્ષ સાથેની મિલીભગતના કારણે સરકારી બંગલો ખાલી કરવામાં આ લોકો ઠાગા ઠૈયા કરતા હોય છે. ત્યાં નથી કોઈ બુલડોઝર ચાલતા કે નથી કોઈ ડિમોલેશન કરાતું કારણ ત્યાં સરકારી અધિકારીઓમાં નૈતિક હિમ્મતનો અભાવ હોવાથી બુલડોઝરો માત્ર ગરીબો પર જ ચાલતા હોય છે.

# અમદાવાદમાં નીટ પેપર લીક મુદ્દે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસની આગામી ૧૩ જુને મશાલ રેલી

### ૧૩ જુનના દિવસે મશાલ રેલીમાં ભારતીય યુવા કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ પણ ઉપસ્થિત રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર



નીટ પેપર લીક થવાના લીધે દેશના ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ સાથે અને ગુજરાત રાજયના ૮૫ હજાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવ્યા છે. શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા ભવ્ય મશાલ રેલીનુ ગુજરાત યુનિર્વસિટીથી લઈને અમદાવાદ યુનિર્વસિટી સુધી આગામી ૧૩ જુને મશાલ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે તેવુ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડો. પ્રવિણસિંહ વણોલાએ રાજીવ ગાંધી ભવન ખાતે જણાવ્યુ હતું. ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડો. પ્રવિણસિંહ વણોલે જણાવ્યુ હતુ કે નીટ પેપર લીક થવાથી દેશના તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્ય બરબાદ થઈ ગયા છે તેના લીધે દેશભરમાં ખુબ જ ઉંડા પ્રત્યાઘાત પડયા છે. પેપરલીક મુદ્દે જયાં સુધી શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામુ નહી આપે ત્યાં સુધી દેશભરમાં વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં કુલ ૮૫ હજાર થી વધુ નીટ ના વિદ્યાર્થીઓ હતા , તેઓની સખત મહેનત પેપર લીક ના માફીયાઓના અને હાલ કેન્દ્રમાં બેઠેલી ભાજપ સરકારની નિષ્ફળ આયોજન નીતી ને કારણે પાણીમાં ગઈ છે. આગામી ૧૩ જુન ૨૦૨૬ ના દિવસે ભારતીય યુવા કોંગ્રેસના અધ્યક્ષ ઉદય ભાનુ ચીબની ઉપસ્થિતિમાં મશાલ રેલી નુ આયોજન કરવામાં આવ્યુ છે.

# વડોદરા પર જળસંકટના વાદળો : આજવા સરોવર તળીયા ઝાટક થતા પાલિકા નર્મદા નિગમ પાસેથી ખરીદશે ૨૯ કરોડનુ પાણી

પ્રતિનિધિ,ગાંધીનગર



ચોમાસાની શરૂઆત પહેલા જ વડોદરાવાસીઓ માટે ચિંતાજનક સમાચાર આવ્યા છે. વડોદરા શહેરની જીવાદોરી સમાન ગણાતા ઐતિહાસિક આજવા સરોવરમાં પાણીનો જથ્થો ચિંતાજનક રીતે ઘટી ગયો છે. સરોવરનુ પાણી ખુટી જતા હવે વડોદરા મહાનગરપાલિકાએ આખા શહેરની તરસ છીપાવવા માટે એક મોટો અને કરોડો રૂપીયાનો આકસ્મિક નિર્ણય લેવાની ફરજ પડી છે. શહેરમાં પાણીની પોકાર ન પડે તે માટે પાલિકા તંત્ર હવે નર્મદા નિગમ શરણે પહોચ્યુ છે.

મળતી માહિતી મુજબ આજવા સરોવરની વર્તમાન જળસપાટી ગત વર્ષની સરખામણીએ આશરે ૧ ફુટ જેટલી ઓછી નોંધાઈ છે. ઉનાળાની આકરી ગરમીમાં પાણીનો વપરાશ વધવાને કારણે અને ઉપરવાસમાં થી પાણીની આવક ન થતા આ સ્થિતિ સર્જાઈ છે. વડોદરાના મોટાભાગના વિસ્તારોને પાણી પુરૂ પાડતા આ મુખ્ય સ્ત્રોતમાં પાણી ખુટી જતા પાલિકા વહિવટી તંત્રએ તાબડતોબ બેઠક બોલાવી હતી. આ બેઠકમાં વડોદરાવાસીઓને નિયમિત પાણી મળતુ રહે તે માટે નર્મદા નિગમ પાસેથી વધારાનુ પાણી ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના હેઠળ વડોદરા કોર્પોરેશન આગામી ૩૦ દિવસ એટલે કે ૧ મહિના સુધી નર્મદા નિગમ પાસેથી પાણી મેળવશે. આ ૩૦ દિવસના ગાળા માટે પાલિકા દ્વારા અધધ ૨૯ કરોડનુ પાણી ખરીદવાનુ નકકી કરવામાં આવ્યુ છે. વડોદરા કોર્પોરેશનના આ મોટા આર્થિક બોજ પાછળનો મુખ્ય ઉદેશ આગામી દિવસોમાં ચોમાસુ વિધીવત રીતે સક્રિય ન થાય ત્યાં સુધી શહેરમાં પાણી કાપ ન મુકવો પડે અને લોકોને હાલાકી ન ભોગવવી પડે તેમ છે. જો કે તંત્ર દ્વારા નાગરીકોને પણ આ કટોકટીના સમયે પાણીનો બગાડ અટકાવવા અને કરકસરપૂર્વક ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે.

# મહાઆરતીમાં સહભાગી બનતા ઉર્જા રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સતત ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે ઉર્જા રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં ૧૨ વર્ષ અવિરત વિકાસ અને જન કલ્યાણના અભિગમ અન્વયે ત્રિવેણી સંગમ ખાતે મહાઆરતી કરવામાં આવી હતી. હિરણ, કપીલા અને સરસ્વતીનો જયાં સંગમ થાય છે એવા પવિત્ર ત્રિવેણી ઘાટ પર સોમપુરોહિતોના મંત્રોચ્ચાર સાથે સમુહ આરતી કરી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિર્ઘાયુષ્ય અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી. કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. તે અનુસંધાને રાજય સરકાર દ્વારા તીર્થ સ્થાનો પર મહા આરતીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત ત્રિવેણી ઘાટ પર પ્રભાસની પાવનભુમિ પર આ આરતીમાં સહભાગી થવુ એ આપણા સૌનુ સૌભાગ્ય છે.

વિશેષ આરતી અને પુજા દ્વારા દેશની સુખ સમૃધ્ધિ, વિકાસ અને જનકલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સાંજના સમયે સંધ્યા આરતી દરમિયાન સમગ્ર ત્રિવેણી પરીસરમાં ભકિતમય વાતાવરણ સર્જાયુ હતું અને મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રધ્ધાળુઓએ આરતીના દર્શન કર્યા હતા. આ મહાઆરતીમાં સાંસદ રાજેશ ચુડાસમા, જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારકાદાસ દોમડીયા, મહેન્દ્રભાઈ પીઠીયા સહિત જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો, ધારાસભ્ય ભગવાન બારડ, વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા પ્રમુખ નરેશ ગોહિલ, કલેકટર જીતેન્દ્રસિંહ વાઘેલા સહિતના રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓ, કાર્યકરો, સમાજના આગેવાનો, શ્રધ્ધાળુઓ અને સ્થાનિક નાગરીકો સહભાગી બન્યા હતા.

# મધ્યાહન ભોજન યોજનામાં છેલ્લા બે મહિનાથી કઠોળ-દાળનો જથ્થો ન ફાળવાતા મુશ્કેલી

પ્રતિનિધિ,ગાંધીનગર



ઉનાળાના વેકેશન બાદ શાળાઓમાં શિક્ષણ કાર્યનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે મધ્યાહન ભોજન યોજનામાં સરકારે બે મહિનાથી કઠોળ-દાળ નો જથ્થો ન ફાળવવામાં આવતા સંચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમજ સરકાર દ્વારા મધ્યાહન ભોજનના સંચાલકને જે ગ્રાન્ટ ચુકવવામાં આવે છે તે પણ ન ચુકવાતા વિદ્યાર્થીઓને ભોજન પુરૂ પાડવુ મુશ્કેલ બન્યુ છે. પીએમ પોષણ શકિત નિર્માણ યોજના કર્મચારી સંઘ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે સરકાર તાત્કાલીક બાકીની ગ્રાન્ટ અને કઠોળ દાળનો પુરવઠો શરૂ નહી કરે તો યોજનાના સંચાલકોએ ભોજન અને નાસ્તાની સેવા બંધ કરવાની ફરજ પડશે. રાજયમાં મધ્યાહન ભોજન યોજનામાં છેલ્લા બે મહિનાથી અનાજ, કઠોળ દાળનો જથ્થો ફાળવવામાં આવ્યો નથી. મધ્યાહન ભોજન યોજનાના સંચાલકોએ આ અંગે પુરવઠા વિભાગ અને શિક્ષણ વિભાગનો સંપર્ક કર્યો ત્યારે બંને વિભાગો દ્વારા આ મામલે એક બીજા પર જવાબદારી ઢોળી રહ્યા છે. ગુજરાત રાજયમાં અંદાજે ૩૩ હજાર જેટલા મધ્યાહન ભોજન કેન્દ્રો ચાલુ છે. પરંતુ આ વખતે માલ નો જથ્થો અને ગ્રાન્ટમાં જે ઈસ્યુ ઉભો થયો છે તેમાં સરકારે ધ્યાન આપવાની જરૂર છે. કઠોળ, તેલ અને વિદ્યાર્થી દીઠ મળતી ગ્રાન્ટ મળી નથી.

પીએમ પોષણ શકિત નિર્માણ યોજના કર્મચારી સંઘ ગુજરાત પ્રદેશના પ્રમુખ રાજેન્દ્રસિંહ બી ચુડાસમાએ જણાવ્યુ હતુ કે જો તાત્કાલીક ધોરણે બાકી ગ્રાન્ટ ચુકવવામાં નહી આવે અને કઠોળ દાળનો પુરવઠો શરૂ નહી કરવામાં આવે તો યોજનાના સંચાલકોને ભોજન અને નાસ્તાની સેવા બંધ કરવાની ફરજ પડશે.

# ૧૨ દિવસે બાવો બોલ્યો : ડીમોલેશન ભુતિયા નહી હોવાનુ સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન તંત્રનો દાવો

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરત શહેરના નાસીરનગર વિસ્તારમાં થયેલા ડીમોલેશનની લઈને ઉભો થયેલો વિવાદ હવે વધુ ગરમાયો છે. ભુતિયા ડીમોલેશનના આરોપો વચ્ચે સુરત મનપા એ સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે સમગ્ર કાર્યવાહી કાયદેસર રીતે કરવામાં આવી હતી અને તેમાં કોઈ ગેરકાયદેસર પગલુ લેવાયુ નથી.

સમગ્ર મામલે સુરત મનપાએ સ્પષ્ટતા કરી છે કે ડીમોલેશન ભુતિયા નહી હોવાનો કોર્પોરેશનનો દાવો છે, કોર્પોરેશનના એડીશનલ સીટી ઈજનેરે કાયદેસર ડીમોલેશન કર્યા ની પણ વાત કરી હતી. મનપા ની ટીમ ડીમાર્કેશન અને રોડ ખુલ્લો કરવા ગઈ હતી. મનપાએ કહ્યુ હતુ કે અમે શાંતિ અને સુલેહ માટે પોલીસને જાણ કરી હતી. તેમણે વધુમાં કહ્યુ હતુ કે કામગીરી દરમિયાન શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસને અગાઉથી જાણ કરવામાં આવી હતી. તો બીજી તરફ સરકાર દ્વારા રચાયેલી તપાસ કમિટીએ ઘટનાસ્થળે હાજર કર્મચારીઓના નિવેદનો લેવાની શરૂઆત કરી છે. કર્મચારીઓએ દાવો કર્યો હતો કે તેઓ માત્ર ડીમાર્કેશન અને રોડ ખુલ્લો કરવાની કામગીરી માટે ગયા હતા. પરંતુ કેટલાક આરોપો અનુસાર કાર્યવાહી પાછળ લાઈનદોરીનો વિવાદ પણ જોડાયેલો છે. તપાસ કમિટીએ ૧૯૮૦ ની સુચિત લાઈન દોરીની ફાઈલ પણ તફસીલવાર તપાસ હેઠળ લીધી છે.

સુરતના નાસીરનગર માં ગઈ તારીખ ૩૦ મે અને ૧ જુનના રોજ ડીમોલેશનની કાર્યવાહી કરાઈ હતી. જેમાં લગભગ ૧૦૦ થી વધુ મકાનો તોડી પડાયા હતા. આ ડીમોલેશન કોની પરવાનગી થી થયુ તે જ હજુ સુધી સ્પષ્ટ થઈ શકયુ નથી. જેમાં અધિકારીઓના જણાવ્યા મુજબ તેઓ માત્ર ડીમાર્કેશન અને રોડ ખુલ્લો કરવાની કામગીરી માટે સ્થળ પર ગયા હતા. તો બીજી તરફ મનપા અધિકાર પર લાઈનદોરીના બહાને કાર્યવાહી કરવામાં આવી હોવાના આરોપો ઉઠયા છે. સુરતમાં નાસીરનગર ભુતિયા ડીમોલેશન હવે સત્તા, જમીન અને રહસ્યનો ત્રિવેણી સંગમ હોય તેવુ લાગી રહ્યુ છે. એસઓજી ના ઉચ્ચ અધિકારીઓ સામેના વિવાદ વચ્ચે ગુજરાત ધારાસભ્ય ની પ્લેટવાળી એક ફોર્ચ્યુનર કારે સમગ્ર મામલાની અત્યંત ગંભીર અને શંકાસ્પદ બનાવી દીધો છે. નાસીરનગરમાં વિવાદીત જમીનના મુળ માલીક ગલુબેન પાલીયાના ઘર પાસે કલાકો સુધી બે શંકાસ્પદ કાર ઉભેલી જોવા મળી હતી.

ચોકાવનારી વાત એ છે કે આ ફોર્ચ્યુનર કારની પાછળની સીટ પર લાલ રંગની પ્લેટ પર ગુજરાત એમએલએ લખેલુ જોવા મળ્યુ હતું. આ બાબત સામે આવતા જ અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. મુળ જમીનના માલીક ના ઘરની બહાર જ ધારાસભ્યના બોર્ડ વાળી આ કાર શા માટે આટલો સમય ઉભી રાખવામાં આવી હતી ? એટલુ જ નહી આ બોર્ડને કારની બહાર લગાડવાને બદલે પાછળ ના ભાગે એટલે સીટ પર શા માટે સંતાડીને રાખવામાં આવી હતી ? આ પ્લેટ પાછળ છુપાયેલો અસલી હેતુ શુ હતો તે તપાસનો વિષય છે.

# હિંમતનગર ખાતે જિલ્લા-શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વધતી જતી મોંઘવારીને લઈ રેલી યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે જિલ્લા કોંગ્રેસ / તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વધતી જતી મોંઘવારી અને નીટ પેપર લીક મુદ્દે જન આક્રોશ રેલી યોજાઈ હતી.

આ રેલીમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામભાઈ સોલંકી અને જિલ્લા પ્રભારી દિનેશભાઈ ગઢવી ની આગેવાની હેઠળ વિરોધ પ્રદર્શન સાથે રેલી યોજાઈ હતી. જેમાં જિલ્લા મહામંત્રી પ્રિયવદન પટેલ, હિંમતનગર શહેર પ્રમુખ મનોજ બારોટ, તાલુકા પ્રમુખ અજમેલસિંહ, ટી વી પટેલ, કમળાબેન અકીલભાઈ, જયોતિબેન, ઈશાક શેખ સહિત મોટી સંખ્યામાં સદસ્યો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

